RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું નિર્ભય અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT

ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ ● વર્ષ:૧૪ ● અંક:૨૨૯ ● તારીખ:૨૯-૧૧-૨૦૨૫, શનિવાર● પાનાં : ૦૮ ● દર : ૧.૫૦ રૂપિયા ● વાર્ષિક લવાજમ રૂ.-૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

## ભારતીય સેના ફ્યૂચર વોરફેર મુજબ તૈયાર થાય : CDS ચૌહાણ

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે કહ્યું કે, યુદ્ધ સતત પોતાને બદલતું અને બનાવતું રહે છે. જે કન્સેપ્ટ ભવિષ્યના લાગે છે, તે લાગુ થાય તે પહેલાં જ જૂના પણ થઈ શકે છે.આ એક એવું જોખમ છે જે સેનાએ ઉઠાવવું પડે છે. તેથી ફ્યુચર વૉરફેર મુજબ અંદાજ લગાવવો, તૈયારી કરવી આપણા અસ્તિત્વ સાથે જોડાઈ જાય છે. તેનો બીજો કોઈ વિકલ્પ નથી.CDS ચૌહાણે ગુરુવારે નવી દિલ્હીના સેમ મૉનેકશૉ સેન્ટરમાં ચાલી રહેલા ચાણક્ય ડિફેન્સ ડાયલોગમાં આ વાતો કહી. તેઓ 'ફ્યુચર વૉર્સ: મિલિટરી પાવર દ્વારા સ્ટ્રેટેજિક પોસ્ચરિંગ' વિષય પર બોલી રહ્યા હતા.આ પહેલાં પ્રેસિડેન્ટ દ્રૌપદી



મુર્મુ ચાણક્ય ડિફેન્સ ડાયલોગના ઉદ્ઘાટન સત્રમાં સામેલ થયાં. આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કીનોટ એડ્રેસ આપ્યું. ડાયલોગ ૨૦૨૫ની થીમ છે - 'રિફોર્મ ટુ ટ્રાન્સફોર્મ: સશક્ત અને સુરક્ષિત ભારત'.ચાણક્ય ડિફેન્સ ડાયલોગના પહેલા દિવસે ત્રણ ખાસ થીમેટિક સેશન પણ યોજાયા




હતા, જેમાં સિનિયર પોલિસીમેકર, ડિફેન્સ લીડર, સ્ટ્રેટેજિક એક્સપર્ટ અને ઈન્ડસ્ટ્રીના એક્સપર્ટ્સ સામેલ થયા હતા. આ દરમિયાન અનેક મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા, જેની શરૂઆત ઓપરેશન સિંદૂર: એક સાર્વભૌમ વ્યૂહાત્મક જીતથી થઈ હતી, ત્યારબાદ ચેન્જિંગ સ્ટેટસ કો: ડિફેન્સ રિફોર્મ્સને જરૂરી બનાવવા, અને સિવિલ-મિલિટરી ફ્યુઝન: ડ્રાઈવર્સ ફોર ચેન્જ સાથે સમાપ્ત થયું.

બીજો દિવસ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના નેતૃત્વ હેઠળના એક ઉચ્ચ-સ્તરીય વિશેષ સત્ર પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે જરૂરી પહેલોનું અનાવરણ કરશે અને એક સશક્ત, સુરક્ષિત અને વિકસિત ભારતના નિર્માણ માટે સંરક્ષણ સુધારાઓ પર એક મોટું સંબોધન આપશે. આ પછી દિવસ દરમિયાન વિષય-આધારિત સત્રો યોજાશે. બે દિવસીય ચાણક્ય ડિફેન્સ ડાયલોગ ૨૦૨૫નો ઉદ્દેશ્ય ભારતના ભવિષ્યના સુરક્ષા માળખા પર વ્યૂહાત્મક વાટાઘાટો માટે એક મોટું પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે.

## તમે મૂર્ખ છો કે શું? અફઘાનિસ્તાન અંગેના સવાલ પર અચાનક જ કેમ ભડક્યા ડોનાલ્ડ ટ્રમ્પ

વ્હાઈટ હાઉસની ગોળીબારની ઘટના વિશે મીડિયા સાથે વાત કરતી વખતે, ડોનાલ્ડ ટ્રમ્પે એક સવાલ પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો. પત્રકારે તેમને પૂછ્યું કે આ ઘટના માટે તેમણે અગાઉના જો બાઈડન પ્રશાસનને દોષ શા માટે આપ્યો? આ પ્રશ્ન સાંભળતા જ ટ્રમ્પ ભડકી ગયા અને ગુસ્સામાં પત્રકાર તરફ જોઈને બોલ્યા, 'શું તમે બેવકૂફ છો?'ઉલ્લેખનીય છે કે ગઈકાલે થયેલી આ ઘટના બાદથી જ ટ્રમ્પ સતત બાઈડન પ્રશાસન પર દોષારોપણ કરી રહ્યા છે. કારણ કે આરોપી રહેમાનુલ્લાહ બાઈડન



પ્રશાસન દરમિયાન જ 'ઓપરેશન અલાઈઝ વેલકમ' અભિયાન હેઠળ અફઘાનિસ્તાનથી અમેરિકા આવ્યો હતો. ટ્રમ્પે રિપોર્ટર પર પોતાની ભડાસ કાઢતા કહ્યું, 'હું દોષ આપી રહ્યો છું કારણ કે બાઈડન હજારો એવા લોકોને અમેરિકા લાવ્યા હતા, જેમને અહીં હોવું જ ન જોઈએ. તમે આવા સવાલો પૂછી રહ્યા છો, કારણ કે તમે બેવકૂફ માણસ છો.'ટ્રમ્પે કહ્યું કે, 'બાઈડન પ્રશાસને એક કાયદો પસાર કર્યો છે, જેના કારણે અમે આ લોકોને પાછા મોકલી શકતા નથી.' તેમણે આ સમગ્ર પરિસ્થિતિને અવ્યવસ્થા ગણાવતા કહ્યું કે, 'અફઘાનિસ્તાનનો મામલો એક ગંદકી હતો. આ (પ્રવાસીઓને) શરૂઆતથી જ અહીં ન હોવું જોઈતું હતું.'

ટ્રમ્પ અને તેમની ટીમ તરફથી સતત લગાવવામાં આવતા આરોપો વચ્ચે બાઈડન સમર્થકોએ પણ જવાબ આપવાનું શરૂ કરી દીધું છે. બાઈડન પ્રશાસનના સમર્થકોનું કહેવું છે કે, 'આ ઓપરેશન અલાઈઝ વેલકમ હેઠળ જે લોકોને લાવવામાં આવ્યા હતા, તેમણે અફઘાનિસ્તાનમાં અમેરિકન સેનાની મદદ કરી હતી. આ કાર્યક્રમને વ્યાપક સુરક્ષા તપાસ બાદ જ પૂરો કરવામાં આવ્યો હતો.

## કેનેડામાં કપિલ શર્માના કેફેમાં ફાયરિંગનો આરોપી દિલ્હીથી ઝડપાયો:ચાઈનીઝ પિસ્તોલ, જીવતા કારતૂસ જપ્ત

દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચે શુક્રવારે કેનેડામાં કોમેડિયન કપિલ શર્માના કેપ્સ કેફેમાં થયેલા ફાયરિંગના આરોપીની ધરપકડ કરી છે. આરોપીનું નામ બંધુ માન સિંહ સેખોં છે, જે ગેંગસ્ટર ગોલ્ડી ઢિલ્લોન ગેંગનો મહત્વનો હેન્ડલર હોવાનું કહેવાય છે.પોલીસના જણાવ્યા અનુસાર, સેખોં ભારતમાં છુપાયેલો હોવાની માહિતી મળી હતી. જેના પછી તેની દિલ્હીથી ધરપકડ કરવામાં આવી. આરોપી પર આરોપ છે કે તેણે કેનેડામાં થયેલા ફાયરિંગનું કાવતરું ઘડ્યું અને શૂટરોથી લઈને લોજિસ્ટિક સપોર્ટ સુધીની વ્યવસ્થા સંભાળી હતી.ધરપકડ દરમિયાન



પોલીસે તેની પાસેથી PX-૩ હાઈ-એન્ડ પિસ્તોલ (મેડ ઈન ચાઈના) જપ્ત કરી છે, જેમાં ૮ જીવતા કારતૂસ પણ મળ્યા હતા.ખરેખરમાં, કેનેડાના અભિનેતા-કોમેડિયન કપિલ શર્માના કેનેડા સ્થિત કેપ્સ કેફે પર અત્યાર સુધીમાં ૩ વખત ફાયરિંગ થઈ ચૂક્યું છે. ત્રણેય વખત ફાયરિંગની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે સંકળાયેલા ગોલ્ડી ઢિલ્લોન અને કુલવીર સિદ્ધુ નેપાલીએ લીધી હતી.ક્રાઈમ બ્રાન્ચનું કહેવું છે કે સેખોં લાંબા સમયથી ભારત અને કેનેડાના ગેંગસ્ટરો વચ્ચે કડી (લિંક) તરીકે કામ કરી રહ્યો હતો. તે ગોળીબાર, ખંડણી અને ધમકી જેવા કેસોમાં સામેલ રહ્યો છે. પોલીસ હવે ગોલ્ડી ઢિલ્લોં ગેંગના અન્ય સભ્યો, ફંડિંગ ચેનલ અને હથિયારોના સપ્લાય નેટવર્કની તપાસ આગળ વધારી રહી છે.

## મોરવા હડફમાં ચંદનના વૃક્ષોની ચોરી: ચંદન ચોર સક્રિય



અવિનાશ તિવારી -પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના સંતરોડ સાલિયા ગામમાં ચંદનના વૃક્ષોની ચોરી થતાં વિસ્તારમાં ચંદન ચોર સક્રિય થયા હોવાની આશંકા ઊભી થઈ છે.સંતરોડથી એક કિલોમીટર દૂર રહેતા નિવૃત્ત આર્મી ઓફિસર પ્રભાતભાઈ વાલાભાઈ પટેલના ખેતરમાં લગાવેલા ચંદનના વૃક્ષોને ચોરોએ નિશાન બનાવ્યા હતા. પ્રભાતભાઈએ ખેતરમાં ૧૦ થી ૫૦ ફૂટના અંતરે ચંદનના વૃક્ષો વાવ્યા છે.૨૭/૧૧/૨૦૨૫ ની રાત્રે લગભગ એક-બે વાગ્યે લાઈટ બંધ થઈ હતી અને ચોરો વૃક્ષો કાપી ગયા હતા. લગભગ ચાર વાગ્યે ઘરના લોકોને શંકા જતાં તેમણે તપાસ કરી ત્યારે ચોરી થયાની જાણ થઈ હતી. જોકે, ચોરો વૃક્ષો અડધા કાપીને છોડી ગયા હતા.

પ્રભાતભાઈનું કહેવું છે કે, જે લોકો લાકડીનો વેપાર કરે છે તેઓ એક-બે વખત ખેતરની મુલાકાત લઈ ગયા પછી જ ચોરી થઈ છે. ઉલ્લેખનીય છે કે, એક મહિના પહેલા સાલિયા ફાટક પાસે તેરસિંહ રૂપાભાઈના ઘરેથી પણ ચંદનનું વૃક્ષ કાપીને લઈ જવામાં આવ્યું હતું. આ ઘટનાઓ પરથી સ્પષ્ટ થાય છે કે મોરવા તાલુકામાં ચંદન ચોર ટોળકી સક્રિય બની છે.-અખંડ ભારત

## ખેડૂતો માટે પાક નુકસાની સહાય મેળવવા અરજીની સમય મર્યાદા વધારાઈ

ગુજરાતમાં થયેલા કમોસમી વરસાદના કારણે ખેડૂતોના તૈયાર પાક પર પાણી ફરી વળતાં ખેડૂતો પાયમાલ થયા છે. ખેડૂતોના મગફળી, કપાસ, ડાંગર સહિતના પાકને ભારે નુકસાન થયું છે. આ બધા વચ્ચે ૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ રાજ્ય સરકારે પાક નુકસાનગ્રસ્ત ખેડૂતો માટે રૂ.૧૦ હજાર કરોડના રાહત-સહાય પેકેજની જાહેરાત કરી હતી. જેમાં ખેડૂતોને પાક નુકસાની સામે રાહત મેળવવા માટે સત્તાવાર પોર્ટલ પર ૧૫ દિવસમાં અરજી કરવા જણાવ્યું હતું. આ દરમિયાન નુકસાનગ્રસ્ત ખેડૂતો સહાયથી વંચિત ન રહે તે માટે સરકાર દ્વારા અરજી કરવાની સમય મર્યાદા વધારીને આગામી ૫ ડિસેમ્બર કરવામાં આવી છે. ગુજરાતમાં કમોસમી વરસાદના કારણે અનેક ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકસાન થયું હતું. જેને લઈને સરકારે ૧૦ હજાર કરોડના કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી હતી. જેમાં નુકસાનગ્રસ્ત ખેડૂતો કૃષિ પેકેજનો લાભ મેળવી શકે તે માટે સત્તાવાર વેબસાઈટ krp.gujarat.gov.in પર ૧૪ નવેમ્બરથી ૧૫ દિવસ માટે ઓનલાઈન અરજી મંગાવવામાં આવી હતી. જોકે આ અવધી પૂરી થવા આવી છે, ત્યારે કોઈ ખેડૂતો સહાયથી વંચિત ન રહી જાય તે માટે અરજી કરવાની સમય મર્યાદામાં ૭ દિવસ વધારવામાં આવ્યા છે. આમ રાજ્યમાં હજુ પણ જે નુકસાનગ્રસ્ત ખેડૂતોએ સહાય મેળવવા માટે અરજી કરવાની બાકી હોય, તેવા તમામ ખેડૂતો આગામી ૫ ડિસેમ્બર સુધીમાં અરજી કરી શકશે. રાજ્ય સરકારે ખેડૂતોના પાક નુકસાન સહાય પેકેજની જાહેરાત કરી છે.

## દિતવાહ' વાવાઝોડું: શ્રીલંકામાં ઠેર ઠેર તારાજી, મૃત્યુઆંક વધીને ૯૦ પહોંચ્યો; ૧૦૦ ગુમ



દિતવાહ વાવાઝોડાએ શ્રીલંકામાં ઠેર ઠેર તબાહી મચાવી છે. ગઈકાલથી જ ભારે પવન સાથે વરસાદ અને પૂરના કારણે લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. ભારે વરસાદ અને પૂરના કારણે અત્યાર સુધી ૯૦ લોકોના મોત થયા છે જ્યારે ૧૦૦ લોકો હજુ પણ ગુમ છે.

કુદરતના પ્રકોપ વચ્ચે ભારત શ્રીલંકાની વહારે આવ્યું છે અને ઓપરેશન સાગરબંધુ હેઠળ રાહત સામગ્રી મોકલવાની શરૂઆત કરી છે. વડાપ્રધાન મોદીએ વાવાઝોડાથી થયેલા વિનાશ પર દુખ વ્યક્ત કરતાં કહ્યું કે, 'હું તમામ પ્રભાવિત પરિવારોને સાંત્વના પાઠવું છું તથા તેમની સુરક્ષા માટે પ્રાર્થના કરું છું. પડોશી દેશ પ્રત્યે એકતાની ભાવના રાખી ભારતે ઓપરેશન સાગરબંધુ હેઠળ તાત્કાલિક સાગર સામગ્રી અને માનવીય સહાય પાઠવી છે. સ્થિતિ અનુસાર વધુ મદદ માટે પણ અમે તૈયાર છીએ.' આ સિવાય ભારતના વિદેશમંત્રી જયશંકરે જણાવ્યું INS વિક્રાંત અને INS ઉદયગીરીની મદદથી કોલંબોમાં રાહત સામગ્રી પાઠવવામા આવી છે.

# તંત્રી લેખ......

## અમેરિકા સાથે LPG ડીલથી ભારતની ગલ્ફ દેશો પરની નિર્ભરતા ઘટશે

ભારતે અમેરિકા સાથે ૨.૨ મિલિયન ટન એલપીજી માટે ટર્મ ડીલ પર હસ્તાક્ષર કર્યા છે. વૈશ્વિક ઉર્જા બજારમાં ઉભી થતી અનિશ્ચિતતાઓ વચ્ચે આ પગલું ભારતની સુરક્ષાને મજબૂત બનાવશે. આ કરાર મુજબ, ૨૦૨૬થી, ભારતની સરકારી માલિકીની તેલ કંપનીઓ દેશના કુલ એલપીજીના ૧૦ ટકા અમેરિકાથી આયાત કરશે.

અત્યાર સુધી, ભારતનો અમેરિકા સાથે એલપીજી આયાત માટે ટર્મ ડીલ નહોતો. દેશની સ્થાનિક એલપીજી જરૂરિયાતોનો લગભગ ૬૦ ટકા આયાત પર આધારિત છે, અને હાલમાં ૯૦ ટકા એલપીજી આયાત પશ્ચિમ એશિયાઈ દેશોમાંથી એટલે કે સંયુક્ત આરબ અમીરાત, કતાર, સાઉદી અરેબિયા અને કુવૈતથી આવે છે.

નિષ્ણાતોના મતે, અમેરિકાથી એલપીજી આયાત કરવાનો નિર્ણય ભારતની સ્ત્રોત વિવિધતા વધારવામાં અને પશ્ચિમ એશિયાઈ દેશો પર નિર્ભરતા ઘટાડવામાં મદદ કરશે. ઈકરાએ જણાવ્યું હતું કે યુએસ કુદરતી ગેસ પ્રવાહીનો મુખ્ય ઉત્પાદક છે. યુએસથી એલપીજી આયાત કરવી એ ચાલુ વેપાર વાટાઘાટો સાથે સુસંગત છે અને વૈશ્વિક રાજકીય તણાવના સમયે ભારત માટે ફાયદાકારક રહેશે. આ વર્ષની શરૂઆતમાં, ઈરાન અને ઇઝરાયલ વચ્ચેના સંઘર્ષથી હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાની ધમકી આપવામાં આવી હતી, જેના કારણે ભારતના એલપીજી પુરવઠા પર અસર પડી શકે છે.

આ કરાર દેશની ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવશે અને લાખો ઘરોને સસ્તું અને સ્વચ્છ રસોઈ ગેસ પૂરો પાડવામાં મદદ કરશે. જોકે, કરારની કિંમત જાહેર કરાઈ નથી. આ કરાર હેઠળ યુએસ એલપીજી ખરીદીનો ભાવ માઉન્ટ બેલેવ્યુ પર આધારિત હશે, જે એક મુખ્ય યુએસ એલપીજી ભાવ નિર્ધારણ કેન્દ્ર છે.

મરીન ઇન્ટેલિજન્સ ફર્મ કેપ્લરના એક અહેવાલ મુજબ, ભારતે ૨૦૨૫ માં અત્યાર સુધીમાં તેના એલપીજીના ૩૬% યુએઈથી, ૨૧% કતાર થી, ૧૬% કુવૈત થી અને ૬% યુએસથી આયાત કર્યા છે. છેલ્લા ત્રણ વર્ષોમાં, યુએસનો હિસ્સો ફક્ત ૦.૫% થી ૨% સુધીનો રહ્યો છે.

## વાંઝ ગામે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



સુરતના ચોર્યાસી તાલુકાની સચીન ઉદ્યોગનગર સહકારી મંડળી લી. વાંઝે તેના સ્થાપક અને આજીવન પ્રમુખ સદગત શ્રી હસમુખભાઈ હોજીવાલાની ૨૪મી પુણ્યતિથિ નિમિત્તે સેવાકાર્ય કર્યું હતું. સુરત માનવ સેવા સંઘ છાયડો લોક સમર્પણ રક્તદાન કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭/૧૧/૨૦૨૫ના રોજ વાંઝ મુકામે મંડળીની ઓફિસે સવારે ૧૦ થી ૧ વાગ્યા દરમિયાન રક્તદાન અને વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન થયું હતું. કેમ્પમાં કારખાનાના અનેક કારીગરોએ આરોગ્ય તપાસનો લાભ લીધો અને ઘણાં લોકોએ રક્તદાન કર્યું. આ પ્રસંગે શ્રી સંદીપભાઈ હોજીવાલા, શ્રી જતીનભાઈ દેસાઈ, શ્રી અભિષેક દેસાઈ, શ્રી અશોકભાઈ પટેલ, શ્રી સતીષભાઈ શાહ અને મંડળીનો સ્ટાફ હાજર રહ્યો હતો. વળી, કેમ્પમાં આવનાર સૌ માટે ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.અખંડ ભારત

## બાળલગ્ન મુક્ત ભારત અભિયાન: છોટાઉદેપુરમાં જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ધિનેશ પરમાર -તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ દિશા ડોન બોસ્કો કવાંટ દ્વારા છોટાઉદેપુર ખાતે બાળલગ્ન મુક્ત ભારત અભિયાન અંતર્ગત જિલ્લા કક્ષાનો જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો, જેનું વડપણ દ્રષ્ટિ ડોન બોસ્કો કપડવંજ અને સહયોગ મા ગાયત્રી નર્સિંગ કોલેજ છોટાઉદેપુર દ્વારા કરવામાં આવ્યો હતો. ફતેપુરા સ્થિત મા ગાયત્રી કોલેજના હોલમાં આયોજિત આ કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થના અને બંધારણના આમુખના પઠનથી કરવામાં આવી હતી. આ પ્રસંગે અભયમ હેલ્પલાઇન તરફથી મલ્કેશભાઈ અને રેણુકા મેડમ, મહિલા અને બાળ વિકાસ વિભાગના ડૉ. પરિક્ષીત વાઘેલા સાહેબ, ચાઇલ્ડ લાઇનના જીતુભાઇ, પ્રધાનમંત્રી કૌશલ્યવર્ધન કેન્દ્રના કુરેશી સાહેબ, મા ગાયત્રી નર્સિંગ કોલેજના સંજય વસાવા, ડોન બોસ્કોના ફાધર કાર્લોસ, ફાધર સ્ટેની, ફાધર ડૉ. મયંક પરમાર, હસમુખ ક્રિશ્ચિયન, શૈલેષ પરમાર, દિનેશભાઈ અને જગદીશભાઈ સહિતના મહાનુભાવોએ વિષયને અનુરૂપ પ્રવચનો કર્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત વિવિધ સંસ્થાઓના અધિકારીઓ, નર્સિંગ કોલેજના



વિદ્યાર્થીઓ અને યુવાનો સહિત લગભગ ૨૦૦ જેટલા લોકોએ ભાગ લઈને બાળલગ્ન વિરુદ્ધની શપથ લીધી હતી અને નક્કર પરિણામો મેળવવાની કટીબદ્ધતા દાખવી હતી.-અખંડ ભારત

## માણેકપુર હાઇસ્કુલનો ખેલ મહાકુંભમાં ડંકો

ભરત ચૌધરી -ગાંધીનગરના માણસા તાલુકાના માણેકપુર ગામે આવેલ શ્રી આઈ.બી.ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ સ્પોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (SAI) ગાંધીનગર ખાતે યોજાયેલ જિલ્લા ખેલ મહાકુંભની અંડર-૧૭ એથ્લેટિક્સ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળા તથા ગામનું ગૌરવ વધાર્યું છે, જેમાં ઠાકોર નિકુંજ મહેશભાઈએ ઉંચી કૂદમાં પ્રથમ સ્થાન અને ઠાકોર ભારતીબેન કાનાજીએ બરછી ફેંકમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જ્યારે દેસાઈ વેદાંત જીતુભાઈએ લાંબી કૂદમાં દ્વિતીય સ્થાન મેળવ્યું હતું; આ સિદ્ધિ બદલ માણેકપુર કેળવણી મંડળ અને ગ્રામજનોએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.-અખંડ ભારત

## યુનિટી માર્ચનું શિક્ષક સંઘ દ્વારા વિશેષ સ્વાગત કરાયું

વખતસિહ પરમાર - સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે કરમસદથી કેવડિયા સુધી યોજાઈ રહેલી યુનિટી માર્ચનું આજે આણંદ જિલ્લામાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ખડોલ—આંકલાવ વિસ્તારમાં પદયાત્રા પહોંચતા જ વિશેષ કાર્યક્રમનું આયોજન થયું હતું. સંઘના અધિકારીઓ અને સભ્યો દ્વારા તમામ યાત્રીઓનું સરદાર સાહેબની પ્રતિમા ભેટ આપીને ઉષ્માભેર સન્માન કરવામાં આવ્યું. આ સ્વાગત સરદાર સાહેબના રાષ્ટ્રનિર્માણના અને એકતાના મૂલ્યોને પ્રતિબિંબિત



કરતું રહ્યું.આ પ્રસંગે આણંદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ, વિક્રમસિંહ ગરાસિયાએ જણાવ્યું: "સરદાર પટેલ ભારતની એકતા અને અખંડિતતાના શિલ્પી હતા. આ યુનિટી માર્ચ યુવાપેઢીમાં રાષ્ટ્રીય ભાવના અને સમરસતાનો સંદેશ મજબૂત બનાવે છે. યાત્રીઓનું સ્વાગત કરવાનો અમને ગર્વ છે."યાત્રીઓએ આણંદ જિલ્લાના આ સન્માનપૂર્ણ આવકાર માટે હૃદયપૂર્વક પ્રશંસા વ્યક્ત કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા સહકાર આપનાર તમામ શિક્ષકો, સંઘના હોદ્દેદારો અને પદયાત્રીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.-અખંડ ભારત

# સત્તા કે સફળતા ટકાવી રાખવા માટે ડિફર થતાં હોય તેવા મુસદ્દા, મિત્રો, માર્ગદર્શકો અને ટીકાકારો પણ અંત્યત જરૂરી હોય છે!!.

(અંક નંબર ૫૨૪

મિત્રો, ગુજરાતમાં છેલ્લા થોડા દિવસોથી વગર વરસાદે વિજળી ના કડાકા ની જેમ ચુંટણી તો દુર છે છતાં જુદા જ પ્રકારનું કાગ ના વાઘ જેવું વાતાવરણ ચાલી રહ્યું છે. થોડાક દિવસોથી કોઈ નેતાઓ હેડલાઇને છે કે પછી કોઈ પત્રકાર છે!!

એક તરફ સરદાર પટેલની રાષ્ટ્રીય એકતાની ભાવના સભર યાત્રા ચાલી રહી છે તો બીજી બાજુ કોંગ્રેસની લોકોના દુઃખની ભાવના સભર આક્રોશ યાત્રા ચાલી રહી છે!!. એક બાજુ દારૂના અડ્ડાઓ અને પોલીસના પટ્ટા ઉતારવાની વાત ચાલે છે અને બીજી બાજુ પોલીસ પરિવાર આબરૂના પટ્ટા બચાવવા વિરોધ કરી રહ્યું છે. કોઈ નેતા પોતાનું ભણતર ઊંચું બતાવવા માટે અંગ્રેજીમાં પ્રવચન આપવા લાગ્યા છે!! અને કોઈક નેતા મન ફાવે તેમ ઓછું ભણેલા મંત્રીઓ માટે બકવાસ કરી રહયા છે.

શું બુદ્ધિ શાળી ગણાય એવા ગુજરાત માટે માત્ર આ જ બાબતો બાકી હતી? નફટાઈથી ભરેલું રાજકારણ કઈતરફ ફંટાઈ રહ્યું છે તે જ સમજાતું નથી? અંબાલાલ જાણે!!!

આ બધી ધમાચકડીમાં દૂધસાગર ડેરીના ડિરેક્ટરોની નિમણૂક થઈ ગઈ, ભારતના સર્વશ્રેષ્ઠ ગણાતા નેતા નીતિન ગડકરી ગુજરાતના રસ્તાઓની સસ્તી મુલાકાત લઈ ગયા, સોશિયલ મીડિયામાં અલગ અલગ પ્રકારની વાતો વચ્ચે શિક્ષણના,યુવાનોના, રોજગારીના, ગરીબીના,અને કિસાનોના પ્રશ્નો તો કઈ જગ્યાએ દબાઈ ગયા તે જ સમજાતું નથી ? બુદ્ધિશાળી લોકો કિપમમ થઈને બેસી ગયા છે!! અરે જૈંઇ ચાલે છે ને!!

કોઈને કોઈની કંઈજ પડી નથી,દરેકને પોતપોતાની પાટી સાફ કરીને ચમકવાની ચાનક ચડી હોય તેવું લાગી રહ્યું છે!! કોઈ પોતાની પાર્ટી માટે કે લોકોના પ્રશ્નો માટે લડતું હોય તેવું લાગતું નથી.

ખૂદની નેતાગીરીને ચમકાવીને કોઈપણ રીતે આગળ વધવાનો સરસ મજાનો કારસો આ જમાનામાં ક્યાં જઈને અટકશે તે કહેવાય તેવું હવે નથી રહયું.

મીડિયામાં આગળ પડતા નેતાઓ જ કદાચ પક્ષ પલટો કરી જાય તો!! તેવી દહેશત તમામ મતદારોમાં છે.દક્ષિણ ગુજરાતના એક આપ નેતા ક્યાં ગુમ થઈ ગયા તે હવે મીડિયામાં જોવા મળતા નથી!!

આવનારી ચૂંટણી સુધી જનતાને પોતાના સુધી જકડી રાખવા માટે અવનવા પેતરાઓની વચ્ચે કર્મચારીઓ વળી

બુઠ્ઠી તલવાર ની ધાર ઉપર ચાલતા હોય તેમ એસઆઈઆર જેવી સરકારી કામગીરીને આગળ ધરી આપઘાત કરવા લાગ્યા છે! પત્રકારો પરિસ્થિતિ મુજબ પાકટ બન્યા છે,પોલીસ પગ ફૂટે છે,બુટલેગરો બેફામ બન્યા છે, પીવાવાળા ને માલ મળતો નથી અને પોલીસ કરતાં પત્રકારો વધુ નડી રહયા છે!!!જોકે વધારે પૈસા ખર્ચવા પડે છે પણ પીવા માટે મોંઘવારી કોઈને નડતી નથી!!

શિક્ષકોને ભણાવવાની ચિંતા છે અને બાળકોને ભણવાની ચિંતા છે પણ એકબીજાથી સંતાકૂકડી રમી રહયા છે!! કોણ સુપર પાવર મિનિસ્ટર છે અને કોણ માત્ર મેસેજ ના મંત્રી છે, કાંઈ જ સમજાતું નથી!

આ ગુજરાત છે ભાઈ સીધા પાટે ચડેલા પણ ઉંધે રવાડે ચડી જવાય તેવી સમાજ વ્યવસ્થા બનતી જઈ રહી છે! દરેક નેતાઓ અંગત લાભ માટે જ વિચારી રહ્યા છે. ભુલકણી જનતા પોતાના નુકસાનને ભુલી જાય છે. વળી કુદરત વરસાદ રૂપે છાશવારે ટપકી પડે છે. ગુજરાતનું આખું હવામાન ખાતું એક બાજુ અને અંબાલાલ કાકા એક બાજુ વાહ! કેવો તાયફો થઈ રહ્યો છે.

એક તરફ આદર્શની વાતો અને બીજી બાજુ તાદર્શ જુદું જ દેખાય રહયું છે. જેટલા માણસો તેટલી વાતો,સાચું કે ખોટું કોણ કોનું માનશે એ નક્કી નથી છતાં પત્રકારો નગારાં વગાડી પોકાર કર્યા કરે છે.

સમગ્ર ગુજરાતની અંદર ડેપ્યુટી ચીફ મિનિસ્ટરની પોસ્ટ કોઈપણ કારણ વગર જાણે ઉભી કરવામાં આવી હોય તેવી રીતે કોન્ટ્રોવર્સી બંને પક્ષે થઈ રહી છે!!

કોંગ્રેસના એક યુવા નેતા સમગ્ર ગુજરાતના નેતા બનવાનો પ્રયત્ન કરી રહ્યા હોય તેવું દેખાઈ રહ્યું છે!!

નેતાઓના વિશ્વાસે યાત્રા કરવા આંધળીકીયું કરતી પ્રજા દર વખતે છેતરાઈ જાય છે કારણ પાટલીઓ બદલતા નેતાઓ એ આજના રાજકારણની ઉપજ થઈ છે. જોકે હજુ સૌની નજર વિશ્વાસ માત્રથી નરેન્દ્ર ભાઈ મોદી ઉપર છે !!

વળી આજે તો કોંગ્રેસના મધ્ય ગુજરાત એક નેતાએ મોદીના વખાણ કરી નાખ્યા અને કહી દીધું મોદી સાચા પડે છે કોંગ્રેસને નેસ્તનાબૂદ કરવાના વાયદામાં !!

કોણ કોંગ્રેસમાં અને કોણ ભાજપમાં, વળી આમ આદમી પાર્ટી એકાદું સીટ માટે પ્રજાની સાથે જોડાઈ જાય છે પછી શું થાય છે કંઈ જ સમજાતું નથી.

બિહારમાં લોકો દરેક પક્ષની ચૂંટણી સભામાં ભરચક પ્રમાણમાં દેખાતા હતા પણ સત્તાતો એમણે વિકાસ શબ્દ ને જ આપી.

હવે જમાનો ગયો,ચાલુ સરકારોને હટાવવાની વાતો બધા કરે છે પણ એવું કોઈ મતદાનમાં કરતા નથી જ, લોકો પણ સમજી ગયા છે બધા પોતાનું જ કરવામાં જાણીતા છે! કોઈ કોઈનું અહીંયા છે જ નહીં...

એન્ટીઈન્કમબન્સી હવે કોઈને નડતી હોય એવું ક્યાંય જણાતું નથી, હા માત્ર નો રિપીટની થીયરી નો ડર સૌને સતાવી રહ્યો છે અને આ જ કારણસર કોઈ ખુલીને બોલતું નથી. માત્ર પોતાની છાપ લોકમાનસ માં તાજી રાખવાના સૌના પ્રયત્નો જણાઈ રહ્યા છે, પ્રજાનું જે થવું હોય તે થાય, તકનો લાભ લેવા સહુ મથે છે અને આ આજની વાત નથી સદીઓથી આવું થઈ રહ્યું છે.

યુગોયુગોથી નેતાઓ, પત્રકારો, મતદારો અને પ્રજા હંમેશા પોતાના લાભની સ્થિતિમાં જ પોતાનો મત વ્યક્ત કરતી હોય છે. દેશનું હીત કે સમગ્ર પ્રજાનું હિત કોઈ જોતું નથી!!

કોઈ નેતા કે પક્ષે પોતાની છાપ સુધારવા માટે ખૂદની પાટી સાફ કરવી નથી પરંતુ દરેક નેતાએ પોતાની પાટીમાં હજુ પણ નવું નવું નકામું ઘૂંટવું છે. પોતાની પાટીને ગંદી કરવા સતત કોન્ટ્રોવરસીમાં રહેવું છે અને લોકોની નજરમાં જીવતા રહેવાનો, ટકી રહેવાનો નકામો પ્રયાસ કે દેખાવ પુરતો પ્રયત્ન સૌનો ચાલુ રહે છે.

પ્રજા બ્રહ્મિત થઈ જાય છે અને પોતાની વેદનામાં બધું જ ભૂલી જાય છે એમ કરતાં કરતાં વળી પાછી ચૂંટણી આવી જાય છે અને આમને આમ સૌની જિંદગી પણ પૂરી થઈ જાય છે!! શું લઈને આવ્યા હતા અને શું લઈને જવાના છીએ એવી ભાવના સાથે માનવતા પણ કઠિન પરીક્ષાઓ આપવાનું ચૂકી જાય છે. એવો જમાનો આવી ગયો છે સૌને પોતાનો કક્કો ખરો કરવો છે પછી એ કક્કો આડો અવળો કે સાચો ખોટો કેમ ના હોય! ! એટલે આજે તો મારી મસળીને ચલાવવામાં આવી રહેલી સત્તાઓ આગળ ગમે તેવા શાણપણો પણ મુક બની જતા હોય છે.

એક તરફ વંદેમાતરમ્ થી વંદેભારત સુધી ની સફર, આત્મ નિર્ભર અને અખંડ ભારતની દોડ જયારે બીજી બાજુ મૂળભૂત પ્રશ્નો માટે બેફામ બાઈટો સાથે ની મિડિયા સાઈટો, કોઈ પત્રકારો લોકો સાથે, કોઈ સરકાર પક્ષે તો કોઈ સામે પક્ષે, વળી બ્યુરોક્રેશી એક્સટેન્શન માટે તલપાપડ,બીજી તરફ કામચલાઉ રોજગારી!! કંઈજ સમજાતું નથી કોની સાથે રહેવું ને કોની સામે રહેવું, વ્યથા માટે લડવાનું કે ગાવાનું... વહીવટ થી પ્રજા પીડાઈ રહી છે કે પ્રેમ કરી રહી છે...

ખેર... જે માણસો સૌથી વધુ ભુલકણા છે એજ સુખી છે... વિમાન દુર્ઘટના જેવી હોનારત પણ ભુલી જતી હોય એ પ્રજા પોતાની જાત સાથે થતા સંકટો અને ઘટનાઓ ભુલી જવા ટેવાઈ ગઈ છે માત્ર મારો દેશ છે એક માત્ર આશા સાથે!!

સારું છે કે માણસને કયારે મરવાનું છે એની ખબર કોઈને નથી નહીતર તો એની પણ નેતા ઓ તો યાત્રા કે રેલીઓ જેવી ઈવેન્ટ બનાવી દેતા!!!... રામે... રામ.

મેનેજિંગ તંત્રી



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

# રામમંદિરની ધજા બનાવનારનું સન્માન



દશરથ પ્રજાપતિ - અમદાવાદ ખાતે રહેતા શ્રી રાકેશ જગન્નાથ મેડકરનું માનવ અધિકાર ફાઉન્ડેશન (DJHRF) દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું છે. શ્રી મેડકરની વિશેષ ઓળખ એ છે કે તેમણે અયોધ્યા રામમંદિરના શિખર પર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ફરકાવવામાં આવેલી ધજા તૈયાર કરી હતી.ડિગ્રીટી જસ્ટિસ ફોર હ્યુમન રાઇટ્સ ફાઉન્ડેશન (DJHRF) ની અમદાવાદની જિલ્લા, શહેર અને યુવા ટીમ દ્વારા તાજેતરમાં શ્રી રાકેશ મેડકરનું શાલ ઓઢાડી અને ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. ધજા બનાવવામાં મદદ કરનાર તેમના ધર્મપત્નીનું પણ આ પ્રસંગે સન્માન કરાયું હતું.આ સન્માન સમારોહ અમદાવાદ જિલ્લાના સલાહકાર સમિતિના અધ્યક્ષ શ્રી રમેશભાઈ શીમ્પીની આગેવાની હેઠળ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાતના ઉપાધ્યક્ષ દશરથભાઈ પ્રજાપતિ, જિલ્લા અધ્યક્ષ અમરસિંહ ઠાકોર, શહેર મહામંત્રી પંકજભાઈ પટેલ સહિત સંસ્થાના અન્ય હોદ્દેદારો અને કમિટી મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# સોમનાથ કાર્તિકી પૂર્ણિમાનો મેળો ખુલ્લો મુકાયો



નિલેશ હિરાણી --. સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ સોમનાથ કાર્તિક પૂર્ણિમાના મેળાનું ભારે વરસાદને કારણે તારીખમાં ફેરફાર કરી તા. ૨૭નવેમ્બરથી ૧ ડિસેમ્બર સુધી ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જુનાગઢ રેન્જના પોલીસ વડા શ્રી નિલેશ જાજડીયા સાહેબના હસ્તે આ મેળાને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.આ શુભ પ્રસંગે ગીર સોમનાથ જિલ્લાના એસપી જયદીપસિંહ જાડેજા સાહેબ, તાલાળાના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા, ગીર સોમનાથ જિલ્લાના ભાજપ પ્રમુખ ડૉ. સંજયભાઈ પરમાર, જિલ્લા પંચાયતના પ્રમુખ મંજુલાબેન મુછાર, વેરાવળ નગરપાલિકાના પ્રમુખ પલ્લવીબેન જાની, વેરાવળ શહેરના સમસ્ત હિન્દુ સેવા સમાજના પ્રમુખ જીતુભાઈ કુહાડા, સોમનાથ ટ્રસ્ટના મેનેજર વિજયસિંહ ચાવડા, સોમનાથ ટ્રસ્ટના સભ્યો, તેમજ વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગ દળના અજીતસિંહ સહિતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# જયપુરી લુહાર સમાજનું ગૌરવઃ ડો. અંજુમબાનુએ MDની ડિગ્રી મેળવી



અંજુમબાનુ મહૂમ લતીફખાન

આસીફહુસેન લુહાર - મોડાસાના વતની અને એડવોકેટ હબીબખાન લતીફખાન લુહારની પુત્રી ડૉ. અંજુમબાનુએ વડોદરા સરકારી મેડિકલ કોલેજમાંથી સ્હ (ડૉક્ટર ઑફ મેડિસિન) ની પ્રતિષ્ઠિત ડિગ્રી પ્રાપ્ત કરીને જયપુરી લુહાર સમાજનું ગૌરવ વધાર્યું છે.તેમણે રાજસ્થાનથી આવેલા જયપુરી લુહાર જમાઅતમાં MD (મેડિસિન) ની ડિગ્રી મેળવનાર પ્રથમ દીકરી બનવાનું સન્માન મેળવ્યું છે.ડૉ. અજીમખાન લુહારના પરિવારમાંથી આવે છે, જે પરિવારમાં ભૂતકાળમાં સમાજના પ્રથમ ગ્રેજ્યુએટ થયા હતા. આ પરિવારે મોડાસા કોલેજમાં સૌથી વધુ ગોલ્ડ મેડલ પણ મેળવેલા છે અને સરકારી ખાતાઓમાં ઉચ્ચ હોદ્દા પર સેવાઓ આપી છે. એક જ કુટુંબમાં દીકરી ડૉક્ટર અને પિતા વકીલ હોય તેવો આ પ્રથમ દાખલો છે. ફુલેરા (રાજસ્થાન) મૂળના આ પરિવારે સમાજનું નામ રોશન કર્યું છે.-અખંડ ભારત

# પ્રાયોજના વહીવટદારના આદેશનો અનાદરઃ વન વિભાગ સામે ઉકાઈ વિસ્થાપિતોની કલેકટરને ફરિયાદ




આનંદ વસાવા -સુરત જિલ્લાના સોનગઢ તાલુકામાં ઉકાઈ જળાશય ડેમ માટે જમીનનું બલિદાન આપનાર અને વર્ષોથી જંગલની જમીન ખેડતા વિસ્થાપિતોએ વન વિભાગ વિરુદ્ધ તા. ૨૬/૧૧/૨૦૨૫ ના રોજ કલેકટર સુરતને લેખિત ફરિયાદ કરી છે, જેમાં વન વિભાગ પર ફોરેસ્ટ રાઇટ્સ એક્ટ-૨૦૦૬ (FRA) અને પ્રાયોજના વહીવટદાર, માંડવીના પરિપત્ર (જેમાં દાવા અનિર્ણીત હોય ત્યાં સુધી જમીન ખાલી ન કરાવવાની સ્પષ્ટ જોગવાઈ છે)નું ખુલ્લું ઉલ્લંઘન કરીને, ધમકીઓ આપીને અને ખોટા કેસો ઊભા કરવાની કોશિશ કરીને ખેડૂતોને તેમની જમીનમાંથી બેદખલ કરવાનો પ્રયાસ કરવાનો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે; જેથી ફક્ત દબાણ ઉભું કરી જમીનમાંથી બેદખલ કરવાનો શિલશિલો યથાવત રહેતાં, દાવેદારોને ન હટાવવા, પેન્ડિંગ દાવાઓનો ઝડપી નિકાલ લાવવા અને વન વિભાગ, દાવેદારો તથા જિલ્લા વન અધિકાર સમિતિ વચ્ચે તાત્કાલિક સંકલન મિટીંગ યોજવા માટે માંગણી કરવામાં આવી છે.-અખંડ ભારત

# મુખ્યમંત્રી અને મંત્રીમંડળનું ધરમપુર ખાતે ઉમળકાભેર સ્વાગત



નિલેશ રાઠોડ -વલસાડ. 'સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસ'ની થીમ સાથે આયોજિત રાજ્યની ૧૨મી ચિંતન શિબિરમાં ભાગ લેવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને મંત્રીગણ આજે વલસાડ જિલ્લાના ધરમપુર સ્થિત શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે આવી પહોંચ્યા હતા.

શિબિરમાં સહભાગી થવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય મંત્રીમંડળના સભ્યો, મુખ્યસચિવ શ્રી મનોજ કુમાર દાસ સહિત ઉચ્ચ અધિકારીઓએ આજે વહેલી સવારે અમદાવાદથી વંદે ભારત સુપરફાસ્ટ ટ્રેનમાં સામૂહિક પ્રવાસ કરીને વલસાડ આવવા પ્રસ્થાન કર્યું હતું. વલસાડ રેલ્વે સ્ટેશન પર જિલ્લા કલેક્ટર શ્રી ભવ્ય વર્મા અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી અતિરાગ ચાપલોત સહિતના પદાધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું હતું.ત્યારબાદ વોલ્વો બસ દ્વારા તમામ મહાનુભાવો ધરમપુર સ્થિત આશ્રમ ખાતે પહોંચ્યા હતા, જ્યાં આશ્રમના ગુરુજી રાકેશજીએ મુખ્યમંત્રીશ્રીને શાલ ઓઢાડીને ઉમળકાભેર આવકાર્યા હતા. શિબિરાર્થી મહાનુભાવોને આવકારવા માટે શ્રીમદ રાજચંદ્ર મિશનના પ્રેસિડેન્ટ શ્રી અભયભાઈ જસાણી, ટ્રસ્ટી શ્રી વિજયભાઈ રૂપાણી, રેન્જ આઈજી શ્રી પ્રેમવીરસિંગ અને જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યુવરાજસિંહ જાડેજા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# કલા ઉત્સવમાં કુંડોલની દીકરી ઝળકી



કમલેશ પટેલ -અરવલ્લી. જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અરવલ્લીના સંયુક્ત ઉપક્રમે આર્ય જ્યોતિ વિદ્યાલય, શામળાજી ખાતે મેઘવો શાળા વિકાસ સંકુલનો કલા ઉત્સવ ૨૦૨૫-૨૬ યોજાયો હતો.આ કલા ઉત્સવમાં અંતરિયાળ અને અતિ પછાત વિસ્તારમાં આવેલી સ્વામી વિવેકાનંદ ઉત્તર બુનિયાદી વિદ્યાલય, કુંડોલ, કાગડા મહુડા (તા. શામળાજી)ની વિદ્યાર્થીની ગમાર નેહાબેન રેવાભાઈએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું. નેહાબેને બાળ કવિ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવીને શાળા અને સમગ્ર વિસ્તારનું ગૌરવ વધાર્યું છે.દીકરીની આ સિદ્ધિ બદલ શાળાના સંચાલક સોનજીભાઈ બારીયા, આચાર્ય કમલેશભાઈ પટેલ અને સમગ્ર શાળા પરિવારે નેહાબેનને અભિનંદન પાઠવ્યા હતા અને જિલ્લા કક્ષાએ પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.-અખંડ ભારત

# રૂપણ નજીક અકસ્માતઃ મોપેડ-બાઇક ટક્કરમાં વૃદ્ધ ખેડૂતનું મોત



રાજેશ ચૌધરી - સુરતના માંડવી તાલુકામાં રૂપણ ગામ નજીક નાયરા પેટ્રોલ પંપની સામે ગુરુવારે વહેલી સવારે બનેલા માર્ગ અકસ્માતમાં મોપેડ સવાર વૃદ્ધ ખેડૂતનું ઘટનાસ્થળે જ મોત નીપજતાં વિસ્તારમાં શોકનું મોજું ફેલાયું છે.મળતી માહિતી મુજબ, મોરીઠા ગામના ડુંગરી ફળિયામાં રહેતા વસંતભાઈ દેવજીભાઈ ચૌધરી (ઉ.વ. ૬૦) ખેતીકામ કરતા હતા. તેઓ દરરોજની જેમ સવારે પોતાના પુત્રને ફૂલ આપીને પરત ઘરે ફરી રહ્યા હતા. આ દરમિયાન રૂપણ ગામની સીમમાં નાયરા પેટ્રોલ પંપ નજીક પૂરઝડપે અને બેદરકારીપૂર્વક આવી રહેલી બજાજ પલ્સર મોટરસાઇકલ (GJ-19-AP-0921) ના ચાલકે તેમની મોપેડ (GJ-19-S-2021) ને જોરદાર ટક્કર મારી હતી.આ ગંભીર અકસ્માતમાં વસંતભાઈને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તાત્કાલિક માંડવીની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.મૃતકના પુત્ર વિપુલભાઈની રજૂઆતના આધારે માંડવી પોલીસે મોટરસાઇકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સ્થાનિકોમાં આ ઘટના અંગે ગમગીની અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે.-અખંડ ભારત

# ખંભાતના 'સુવર્ણ ભૂમિ' આશ્રમ ખાતે ૧૦૧મો પ્રતિષ્ઠા દિન ઉજવાયો



મહેશ વાઘેલા -આણંદ જિલ્લાના ખંભાત ખાતે આવેલા મેઘપુર ગામમાં સ્થિત સુવર્ણ ભૂમિ વડવા આશ્રમના જૈન મંદિર ખાતે ૧૦૧મો પ્રતિષ્ઠા દિન પાવન પ્રસંગે ભવ્યતા સાથે ઉજવાયો. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની કૃપાથી નિર્દેશિત આ આશ્રમમાં આજ સવારથી ભક્તિ, આરાધના અને આનંદનો માહોલ છવાયો હતો.આ મહોત્સવને આત્મકલ્યાણ તરફના અમૂલ્ય પગથિયાં માટેની દિવ્ય પ્રેરણા તરીકે માનવામાં આવે છે. પરમકૃપાળુદેવના શાંત અને ગહન ઉપદેશો સમ્યકતા, શાંતિ અને કરુણાના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપે છે. આ જ સંદેશને હૃદયમાં ઉતારવાના હેતુથી, આ વર્ષે વિવિધ આધ્યાત્મિક અને ધાર્મિક કાર્યક્રમોનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મોટી સંખ્યામાં સંતો અને શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા, જેમનામાં વિશેષ ઉમંગ અને ભાવના જોવા મળી હતી. આ મહોત્સવમાં અનિલભાઈ પટેલ ઉર્ફે નાનકાભાઈને મહાઆરતીનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.-અખંડ ભારત

# ગૃહિણીથી ઉદ્યોગસાહસિકઃ બલેઠીનાં સંગીતાબેનનો પ્રેરક સફર



રાજેશ ચૌધરી - સુરતના માંડવી તાલુકાના બલેઠી ગામનાં સંગીતાબેન જિગ્નેશભાઈ ચૌધરીનો સફર વિસડાલીયા રૂરલ મોલના સહયોગથી આત્મનિર્ભરતાનું ઉત્તમ ઉદાહરણ બન્યો છે. ગૃહકામ અને પરિવાર સુધી મર્યાદિત રહેલા સંગીતાબેનને કંઈક અલગ કરવાની ઈચ્છા હતી, જે વિસડાલીયામાં સ્થપાયેલ દેશના પ્રથમ 'રૂરલ મોલ' દ્વારા પૂરી થઈ.રૂરલ મોલની તાલીમ, માર્ગદર્શન અને સતત પ્રોત્સાહનથી સંગીતાબેન પોતાની કુશળતાને વિકસાવી શક્યા. વન વિભાગના સહયોગથી શરૂ થયેલા 'વનશ્રી' રેસ્ટોરન્ટ સાથે જોડાઈને તેમણે માત્ર પોતાની આવકનો સ્રોત જ શરૂ ન કર્યો, પરંતુ ૭થી વધુ સ્થાનિક કારીગરોને રોજગારી આપીને સામાજિક યોગદાન પણ આપ્યું.વિસડાલીયા રૂરલ મોલે મહિલાઓમાં આત્મવિશ્વાસ, આર્થિક સ્વતંત્રતા અને સમાજમાં સન્માન મેળવવાનો અધિકાર મજબૂત કર્યો છે.

સંગીતાબેન ચૌધરીનો આ પ્રગતિમય સફર માત્ર તેમની વ્યક્તિગત સિદ્ધિ નથી, પરંતુ સમગ્ર આદિવાસી સમાજના સશક્તિકરણનું સુંદર ઉદાહરણ છે, જે સાબિત કરે છે કે "સશક્ત મહિલા એટલે સશક્ત સમાજ."-અખંડ ભારત

# ઝઘડિયા-રાજપારડી ચાર રસ્તા પર ઢોરનો ત્રાસ, અકસ્માતની દહેશત



મુનાફ શેખ -હિતેન્દ્રસિંહ બારોટ -ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાંથી પસાર થતા અને અંકલેશ્વર-ભરૂચને રાજપીપલા સાથે જોડતા વ્યસ્ત ધોરીમાર્ગ પર ઝઘડિયા અને રાજપારડી નગરોના ચાર રસ્તા નજીક રખડતા ઢોરની સમસ્યાએ વાહનચાલકો માટે હાલાકી સર્જી છે.આ ધોરીમાર્ગ ચોવીસ કલાક વાહનોની અવરજવરથી ધમધમે છે, પરંતુ ઘણીવાર ઢોરો રોડની વચ્ચોવચ અડિંગો જમાવીને બેસી રહેતા હોય છે, જેના કારણે વાહનચાલકોને પસાર થવામાં ભારે મુશ્કેલી પડે છે. ઢોરો અચાનક આવતા-જતા વાહનો સાથે અથડાવાની સંભાવના રહેલી હોવાથી કોઈપણ સમયે ગંભીર અકસ્માત થવાની દહેશત પ્રવર્તે છે.અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતના રહેણાંક વિસ્તારોમાં રખડતા ઢોરનો ત્રાસ દૂર કરવા માટે તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે ઢોર પકડવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે અને ઢોર માલિકો સામે દંડનીય કાર્યવાહી પણ હાથ ધરાશે.ત્યારે ઝઘડિયા અને રાજપારડી જેવા મહત્વના વેપારી મથકોના મુખ્ય ધોરીમાર્ગ પર પણ તંત્ર દ્વારા તાત્કાલિક ઝુંબેશ હાથ ધરીને રખડતા ઢોરને પકડવામાં આવે અને જાહેરમાં ઢોર છૂટા મૂકનાર માલિકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે તેવી લોકોની પ્રબળ માંગ છે.-અખંડ ભારત

# કવિ બોટાદકરની જન્મજયંતી નિમિત્તે 'ગીત વૈભવ'નું આયોજન

સુરેશ શેખ -કવિ શ્રી બોટાદકરની જન્મજયંતી નિમિત્તે સ્વામિનારાયણ ગુરુકુલ, બોટાદ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને માતૃભાષા શિક્ષણ કેન્દ્ર, બોટાદ દ્વારા 'કવિ શ્રી બોટાદકરનો ગીત વૈભવ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ગુજરાતના ખ્યાતનામ કલાકાર અરવિંદભાઈ બારોટ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે કવિ બોટાદકરની કવિતાઓ તથા ગીતોની રજૂઆત કરી હતી. આ ઉપરાંત, માધવ સ્વામીએ કવિ બોટાદકરના જીવન અને સાહિત્ય વિશે ખૂબ જ રસપ્રદ વાતો કરી હતી.આ પ્રસંગે સાહિત્યપ્રેમી વૈશાલીબેન દવે, ભાવેશભાઈ પરમાર, સુરેશભાઈ શેખ અને ભટ્ટદાદા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે અરવિંદભાઈ બારોટ અને ઉપસ્થિત મહેમાનો દ્વારા બોટાદમાં આવેલી કવિ બોટાદકરની પ્રતિમાને હાર પહેરાવીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.-અખંડ ભારત


# જરવલા ગામેથી રૂ. ૫.૨૩ લાખનો દારૂ ઝડપાયોઃ LCB સુરેન્દ્રનગરની મોટી કાર્યવાહી



ધવલ પટેલ -સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી પ્રેમસુખ ડેલૂ (IPS) સાહેબની સૂચનાના આધારે એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી જે.જે. જાડેજાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડની સંયુક્ત ટીમે પાટડી તાલુકાના ઝરવલા ગામે દરોડો પાડીને આરોપી હર્ષદભાઈ ઉર્ફે હસો નાનુભાઈ ઠાકોરની કબજા ભોગવટાવાળી ઓરડીમાંથી ગેરકાયદેસર ભારતીય બનાવટનો વિદેશી દારૂની ૧૦૯૪ બોટલો (રૂ. ૪,૦૧,૧૦૦/-), ૮૪૬ બીયર ટીન (રૂ. ૧,૧૩,૭૬૦/-) અને ૪૨ લીટર દેશી દારૂ (રૂ. ૮,૪૦૦/-) મળી કુલ રૂ. ૫,૨૩,૨૬૦/-ની કિંમતનો પ્રોહીબિશન મુદ્દામાલ પકડી પાડ્યો છે, જેને પગલે આરોપી વિરુદ્ધ પાટડી પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધીને તેને પકડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.-અખંડ ભારત


# ગિરનાર આરોહણ કેન્દ્રમાં ૧૩ રાજ્યોના NCC કેડેટ્સને બેઝિક તાલીમ અપાઈ





ટીલાવત જનકરાય - ગુજરાત રાજ્ય સરકારના કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના ઉપક્રમે પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ દ્વારા ૮ ગુજરાત બટાલિયન એન.સી.સી.ના પ્રાયોજન હેઠળ ખડકચઢાણ બેઝિક કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું.તા. ૧૮/૧૧/૨૦૨૫ થી તા. ૨૭/૧૧/૨૦૨૫ દરમિયાન યોજાયેલા આ કોર્સમાં ભારતભરમાંથી અલગ-અલગ ૧૩ રાજ્યોના ૧૦૧ જેટલા એન.સી.સી. ભાઈઓએ તાલીમ લીધી હતી.શિબિરના છેલ્લા દિવસે પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મુખ્ય મહેમાન કર્નલ અમિત ત્યાગી (કમાન્ડીગ ઓફિસર, ૮ ગુજરાત બટાલિયન), સુબેદાર મેજર બલવંતસીગ અને કે.પી. રાજપૂત (પૂર્વ પ્રિન્સિપાલ)ના હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.કર્નલ અમિત ત્યાગીએ તાલીમાર્થીઓને જીવનમાં સફળ થવા માટે Effrot, Beyond You, Below You બાબતે વિગતવાર સમજણ આપી. તાલીમાર્થી લક્ષ્ય પાઠક અને ઓમ સાંગવાને પોતાના અનુભવો વ્યક્ત કરતાં જણાવ્યું કે, શરૂઆતમાં મુશ્કેલી પડી, પરંતુ ઈન્સ્ટ્રક્ટરના માર્ગદર્શન હેઠળ અનુકૂલન સધાઈ ગયું અને પર્વતારોહણની તાલીમનો અનુભવ ખૂબ સારો રહ્યો. આ કોર્સમાં દીપક સોલંકી (જૂનાગઢ), હાર્દિક ધાનાણી (ભાવનગર), રોહિત વેગડ (ભાવનગર) સહિત અન્ય મહાનુભાવોએ માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપી હતી.-અખંડ ભારત

# ધરમપુરની સ્વર્ગવાહીની નદીમાં વીજ પોલનો ભંગાર ઠલવાતા લોકોમાં રોષ



નિલેશ રાઠોડ વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે આવેલી સ્વર્ગવાહીની નદીમાં વીજ તંત્રના કોન્ટ્રાક્ટર દ્વારા વીજ પોલનો મોટી માત્રામાં ભંગાર ઠાલવવામાં આવતા સ્થાનિક લોકોમાં ભારે રોષ ફેલાયો છે. નગરપાલિકા દ્વારા લાખો રૂપિયાના ખર્ચે છ માસ અગાઉ જ આ નદીની સફાઈ અને કિનારાને પહોળો કરવામાં આવ્યો હતો.ચોમાસામાં નદી કાંઠે રહેતા લોકોને નુકશાની ન થાય તે હેતુથી પાલિકાએ નદીને ઊંડી અને પહોળી કરાવી હતી. જોકે, ઓઝરપાડા પુલ પાસે એક કોન્ટ્રાક્ટરે વીજ પોલનો ભંગાર ઠાલવી દેતાં નદીની સફાઈ અને તેના વહેણ પર અસર થવાની આશંકા સ્થાનિકોએ વ્યક્ત કરી છે.પાલિકાના વોર્ડ નં. ૫ ના કોર્પોરેટર શ્રી જીજ્ઞેશભાઈ મોહનભાઈએ આ ઘટનાનો કડક શબ્દોમાં વિરોધ કરતાં જણાવ્યું હતું કે નદીના પ્રદૂષણથી ગામ માટે નુકસાનકારક છે. વિરોધ બાદ જીવીબીના કોન્ટ્રાક્ટરે સ્થળ પર આવીને ભંગાર પાછા ઉંચકી લઈ જવાની ખાતરી આપી હતી.સ્થાનિક લોકોની માંગ છે કે જવાબદાર ઓથોરિટી આ બેદરકાર કોન્ટ્રાક્ટર સામે કડક પગલાં ભરે. આ અંગે પાલિકાના ચીફ ઓફિસરે તપાસ કરાવ્યા બાદ કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.-અખંડ ભારત

# થરાદ ડૉ. આંબેડકર કન્યા છાત્રાલય ખાતે બંધારણ દિવસની ઉજવણી



નરસિહ પરમાર -થરાદ સ્થિત ડૉ. આંબેડકર કન્યા છાત્રાલય ખાતે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની સૂચના અનુસાર ૨૬મી નવેમ્બરના રોજ બંધારણ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત સંચાલક શ્રી પારેગી ભાનુ પ્રસાદ દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને દીપ પ્રગટાવીને કરવામાં આવી હતી અને બંધારણના ઘડવૈયાને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે છાત્રાલયના પ્રમુખ શ્રી કમલેશભાઈના આયોજન હેઠળ છાત્રાલયના તમામ વિદ્યાર્થીઓ, ગૃહમાતા, રસોયા અને અન્ય કર્મચારીઓએ સમૂહમાં બંધારણના આમુખનું વાંચન કર્યું હતું. સાથે જ, વિદ્યાર્થીનીઓ દ્વારા બંધારણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો અને તેમને રમાબાઈ આંબેડકરનું જીવનચરિત્ર પુસ્તક વિતરણ કરવામાં આવ્યું હતું.

સંચાલક શ્રી ભાનુ પ્રસાદે સ્પર્ધાઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીનીઓને સન્માનિત કરી, ભારતીય સંસ્કૃતિ અને બંધારણની ગરિમા જાળવવા અનુરોધ કર્યો હતો. સમગ્ર છાત્રાલયને રોશનીથી શણગારવામાં આવ્યું હતું, જેનાથી સુંદર માહોલમાં બંધારણ દિવસની ઉજવણી સંપન્ન થઈ.-અખંડ ભારત

# તખતગઢની બહેનો જિલ્લા કક્ષાની રસાખેંચ સ્પર્ધામાં ચેમ્પિયન બની



મનહરલાલ પંચાલ - સાબરકાંઠાના સાબર સ્ટેડિયમ, હિંમતનગર ખાતે તા. ૨૮/૧૧/૨૦૨૫ ના રોજ ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત યોજાયેલી જિલ્લા કક્ષાની રસાખેંચ સ્પર્ધામાં તખતગઢ ગામની બહેનોની ટીમે પ્રથમ સ્થાન હાંસલ કરી ગામનું ગૌરવ વધાર્યું છે. ગ્રામ્ય સ્તરથી જિલ્લા સ્તર સુધી પહોંચેલી આ ટીમે પોતાની મહેનત, શિસ્ત અને સંકલ્પનું ઉત્તમ પ્રદર્શન કરી ફાઈનલમાં શાનદાર જીત મેળવી હતી. કોચ, ગ્રામજનો અને પરિવારજનોએ બહેનોને અભિનંદન પાઠવી, તેમના આ વિજયને ગામની દીકરીઓની ક્ષમતાનું જીવંત ઉદાહરણ ગણાવ્યો છે અને ઝોન કક્ષાની આવનારી સ્પર્ધા માટે શુભેચ્છાઓ આપી છે, જેનાથી ગામમાં રમતગમત પ્રત્યે નવો ઉત્સાહ સર્જાયો છે.-અખંડ ભારત

# ભિલોડાની શાળાના વિદ્યાર્થીની ઈસરો બાળ વૈજ્ઞાનિક તરીકે પસંદગી



પ્રજ્ઞેશ પટેલ -ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) અને સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC–ISRO) ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા પ્રતિષ્ઠિત "GujSAC–BHAVIKA" કાર્યક્રમમાં ભિલોડાની માતૃશ્રી આર.જે. તન્ના પ્રેરણા મંદિર શાળાના ધોરણ ૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી તેજપાલ પદ્મારામ રાયકાની બાળ વૈજ્ઞાનિક તરીકે પસંદગી થતાં શાળા અને વિસ્તારનું ગૌરવ વધ્યું છે.આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં અવકાશ વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે રસ વિકસાવવાનો છે. તેજપાલ રાયકાએ ૧૫ નવેમ્બરથી ૨૩ નવેમ્બર સુધી યોજાયેલા નવ દિવસના સઘન નિવાસી તાલીમ શિબિરમાં ભાગ લીધો હતો.શિબિર દરમિયાન વિદ્યાર્થીઓને સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC–ISRO) ની મુલાકાત, અવકાશ સંશોધન કરતી અગ્રણી સંસ્થાઓનો પરિચય, વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ અને પ્રયોગો જેવી વિવિધ પ્રવૃત્તિઓનો લાભ મળ્યો હતો.વિદ્યાર્થી તેજપાલ રાયકા, તેમના માર્ગદર્શક શિક્ષકો શ્રી રવિ જગદીશચંદ્ર શર્મા અને શ્રી મહેશ ભાઈ પટેલને અર્બુદા સેવા સંઘ ભિલોડાના મંત્રી શ્રી દામુભાઈ પટેલ તથા શાળાના આચાર્યશ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ દ્વારા હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.-અખંડ ભારત



રેણુકા વાઘેલા - બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના ઉણ ગામે શીતળા માતાજીના મંદિરના નિર્માણ માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ ધાર્મિક કાર્યક્રમમાં ગામલોકો અને આસપાસના વિસ્તારના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ શુભ પ્રસંગે ઉણ ગામના સરપંચ શ્રી વાઘેલા રણુભા હનુભા, ડેપ્યુટી સરપંચો શ્રી વાઘેલા તોગુભા દિલુભા અને શ્રી વાઘેલા ટીનુભા વનરાજસિંહ સહિત મહાનુભાવો હાજર રહ્યા હતા.આ ઉપરાંત, માનપુરાના સરપંચ શ્રી અલ્પેશભાઈ દેસાઈ, ઠાકોર વાસ રામપુરાના સરપંચ શ્રી ગગાભાઈ, પૂર્વ સરપંચ શ્રી રામજીભાઈ, શ્રી બાબુભાઈ દેસાઈ, શ્રી દિતુભા અદુભા, શ્રી પુનુભા, શ્રી છઠાભાઈ ઠાકોર, શ્રી સામજીભાઈ ઠાકોર વગેરે આગેવાનો, વડીલો અને યુવાનોએ આ ધર્મકાર્યમાં સહભાગી થઈ માતાજીના આશીર્વાદ લીધા હતા. સમગ્ર ગામમાં ધાર્મિક ઉલ્લાસનો માહોલ છવાયો હતો.-અખંડ ભારત

# રામાપીર પ્રતિષ્ઠા મહોત્સવમાં અસાસણ (લાખણી) ભક્તિમયઃ ભક્તોનું ઘોડાપૂર



પાચાજી ચાવડા - બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના અસાસણ ગામે તાજેતરમાં શ્રી રામાપીર ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક ઉત્સવમાં આસપાસના વિસ્તારના ગ્રામજનો અને ભાવિક ભક્તોનું વિશાળ ઘોડાપૂર ઉમટી પડ્યું હતું, જેનાથી સમગ્ર ગામમાં શ્રદ્ધા અને આસ્થાનો અદ્ભુત સંગમ સર્જાયો હતો. મંદિરને રંગબેરંગી રોશની અને ફૂલોથી સજાવી શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અનુસાર મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી, જેમાં ધાર્મિક પૂજન, હવન અને ભજન-કિર્તનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. અસાસણ ગામના સમસ્ત ગ્રામજનો અને આયોજક કમિટીના સહિયારા પ્રયાસોથી આ મહોત્સવ સફળ થયો હતો.-અખંડ ભારત

# યુનિટી માર્ચનું આંકલાવ ખાતે કેન્દ્રીય મંત્રીઓના હસ્તે પ્રસ્થાન



પ્રવિણ પરમાર - અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે કરમસદથી કેવડિયા સુધી નીકળેલી એકતા પદયાત્રા (યુનિટી માર્ચ)નું આણંદ જિલ્લાના આંકલાવ મુકામેથી ભવ્ય સ્વાગત અને પ્રસ્થાન કરવામાં આવ્યું.આ પ્રસંગે આસામના પૂર્વ મુખ્યમંત્રી અને ભારત સરકારના કેન્દ્રીય મંત્રી શ્રી શર્બાનંદ સોનેવાલ તથા કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી, જેમણે યાત્રાને આગળ વધારી હતી.કાર્યક્રમમાં આણંદ જિલ્લા સંગઠન પ્રમુખ શ્રી સંજયભાઈ પટેલ, સોજીત્રા વિધાનસભાના ધારાસભ્ય શ્રી વિપુલભાઈ પટેલ (જેમણે યાત્રાનું સ્વાગત કર્યું), સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, ખંભાતના ધારાસભ્ય શ્રી ચિરાગભાઈ પટેલ સહિત મંડળના પ્રમુખો, મહામંત્રીઓ, યુવા મોરચા અને મહિલા મોરચાના હોદ્દેદારો, સંગઠનના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ તેમજ બીજા રાજ્યોમાંથી પધારેલા યુવક-યુવતીઓ ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# કઠલાલના અરાલ ગામે ગૌચરની શરતી જમીનનું ગેરકાયદે વેચાણ અને ખનનઃ કલેક્ટરને આવેદન



ધર્મેન્દ્ર ડાભી -ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના અરાલ ગામે ગૌચર માટે નીમ થયેલી અને પછાતવર્ગના લોકોને સરકારી શરતોને આધીન ફાળવેલી જમીન (સર્વે નં. ૪ પૈકી) પર કેટલાક સામાવાળાઓ દ્વારા ગેરકાયદેસર કબજો કરીને તેનું વેચાણ કે ટ્રાન્સફર થયું હોવાની ગંભીર ફરિયાદ ઉઠી છે. આ જમીન પર પરવાનગી વગર માટી ખનન (ખોદકામ) પણ કરવામાં આવી રહ્યું છે. ગામના સરપંચ લીલાબેન ડાભી, ડેપ્યુટી સરપંચ રંજનબેન ડાભી અને ગ્રામ પંચાયત કમિટી દ્વારા આ ગેરકાયદેસર કૃત્યો તાત્કાલિક અટકાવવા માટે જિલ્લા કલેક્ટર કચેરીમાં લેખિત આવેદનપત્ર આપવામાં આવ્યું છે, જેમાં તેમણે જણાવ્યું છે કે જમીન ફાળવતી વખતે સ્પષ્ટ શરત હતી કે કલેક્ટરની પૂર્વ મંજૂરી વિના તેનું વેચાણ, ગીરો કે તબદીલી થઈ શકશે નહીં, અન્યથા જમીન ખાલસા કરી સરકારી પદરે દાખલ કરવામાં આવશે. જાગૃત ગ્રામજનો અને સરપંચને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા જતાં તેમને એટ્રોસિટીની ખોટી ફરિયાદ કરવાની ધમકીઓ પણ મળી હતી. ગ્રામજનોએ કલેક્ટર સમક્ષ સમગ્ર વેચાણ પ્રક્રિયા રદ કરીને ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપવા વિનંતી કરી છે, જેના અનુસંધાને કલેક્ટર કચેરી દ્વારા યોગ્ય કાર્યવાહીની ખાતરી આપવામાં આવી છે.-અખંડ ભારત

# ડાંગની સાકરપાતળ શાળામાં 'મિશન લાઈફ' અંતર્ગત કલા અને ગીતા શ્લોક ગાન સ્પર્ધા યોજાઈ



ઘિસારામ ચૌધરી - ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં આવેલી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, સાકરપાતળ ખાતે તાજેતરમાં 'મિશન લાઈફ' અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં તાલુકા કક્ષાનો કલા ઉત્સવ અને શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્લોક ગાન સ્પર્ધા યોજાઈ હતી, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર આયોજનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહભાગી બન્યા હતા. વિશેષરૂપે, ડાંગ જિલ્લાના જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) શ્રી જીગ્નેશ ત્રિવેદી સાહેબ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, 'મિશન લાઈફ' અને કલા ઉત્સવ/ગીતા સ્પર્ધાઓનું આયોજન જિલ્લાના જુદા જુદા ચાર ઝોન (આહવા, સુબીર, સાપુતારા અને વઘઈ) મુજબ તાલુકા કક્ષાએ કરવામાં આવ્યું છે.-અખંડ ભારત

# બાવળા પાસે સિદ્ધેશ્વર મહાદેવ નજીક ટ્રક-બાઈક અકસ્માત, ધોળકાના બે યુવકો ગંભીર ઘાયલ



શૈલેષ પ્રજાપતિ -અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકામાં સિદ્દેશ્વર મહાદેવ નજીક ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા ધોળકાના રહેવાસી બે યુવકો, વિશાલ મકવાણા અને પ્રવીણભાઈ અંબાલાલ વાણીયા, ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ ઈમરજન્સી સર્વિસ અને બાવળા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ઘાયલોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. બાવળા પોલીસે આ અકસ્માત અંગે કેસ નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.-અખંડ ભારત

# ખેરોજ ગામે લટકતા વીજતારથી કરંટ લાગતા ગ્રાહક ઈજાગ્રસ્ત

રાજુ ગમાર -સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકાના ખેરોજ ગામે કળશ કોમ્પ્લેક્સ પાસે રાસાયણિક ખાતરની દુકાન આગળ થાંભલાના વીજળીના તાર નીચે લબડી ગયા હોવાના કારણે અકસ્માત સર્જાયો હતો; દુકાનદાર મુકેશભાઈ રાવલે જણાવ્યું હતું કે આ અંગે વારંવાર GEBમાં અરજી અને જાણ કરવા છતાં કોઈએ ધ્યાન આપ્યું ન હતું; આજે અચાનક ખાતર ભરવા આવેલા એક ગ્રાહકને જીપ ઉપર થેલી ચડાવતી વખતે કરંટનો જોરદાર ઝટકો વાગતા તે નીચે પટકાયો હતો અને તેને પાછળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી; ઈજાગ્રસ્ત ગ્રાહકને તાત્કાલિક ૧૦૮ મારફતે સિવિલ ખાતે સારવાર અર્થે મોકલવામાં આવ્યો હતો; સ્થાનિકોએ ફરી આવી ઘટના ન બને તે માટે ચ્ઈમ્ના કર્મચારીઓ તાત્કાલિક પગલાં ભરે તેવી માંગ કરી છે.-અખંડ ભારત

# ભિલોડાની મોટા ડોડીસરા શાળાની કબ્બડી ટીમ જિલ્લા ચેમ્પિયન



સંકેત પરમાર -અરવલ્લી જિલ્લા કક્ષાની અંડર-૧૪ ગર્લ્સ કબ્બડી સ્પર્ધામાં ભિલોડા તાલુકાનું પ્રભુત્વ જોવા મળ્યું, જેમાં મોડાસાની કે. એન. શાહ હાઈસ્કૂલમાં યોજાયેલી સ્પર્ધામાં ભિલોડાની મોટા ડોડીસરા પ્રાથમિક શાળાની ટીમે ફાઈનલમાં બાયડની નાનપુરા પ્રાથમિક શાળાને હરાવીને જિલ્લા ચેમ્પિયનશિપ જીતવાની સિદ્ધિ મેળવી છે; આ ટીમ છેલ્લા ત્રણ વર્ષથી સતત જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી રહી છે, જે સમગ્ર તાલુકા માટે ગૌરવની બાબત છે; ટીમને આ સિદ્ધિ બદલ શાળાના આચાર્યશ્રી, સ્પોર્ટ શિક્ષક અનિલભાઈ ભગોરા તથા સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા અને KRSF સંસ્થા તરફથી ભિલોડા તાલુકાના ક્લસ્ટર હેડ રોહિતભાઈએ ઝોન કક્ષાની સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી હતી.-અખંડ ભારત

# કઠલાલના અરાલ ગામે વેરાઈ માતાજીના પાઠ ઉત્સવ સાથે નૂતન મૂર્તિની પ્રાણ-પ્રતિષ્ઠા



ધર્મેન્દ્ર ડાભી -ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના અરાલ ગામે તા. ૨૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ શ્રી રાજ રાજેશ્વરી વેરાઈ માતાજીના મંદિરે ભવ્ય પાઠ ઉત્સવની સાથે નૂતન મૂર્તિ પ્રતિષ્ઠા (સ્થાપના)નું દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આસ્થાના મહાસાગર વચ્ચે હજારો ભક્તો ઉમટ્યા હતા; આ ઉત્સવની શરૂઆત બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચાર સાથે માતાજીના મહાપાઠ અને યજ્ઞથી કરવામાં આવી હતી, જેની પૂર્ણાહુતિ બાદ શાસ્ત્રોક્ત વિધિ મુજબ નવી તૈયાર કરાયેલી વેરાઈ માતાજીની મૂર્તિની પ્રાણ-પ્રતિષ્ઠા કરવામાં આવી હતી, જેના દર્શન માટે ભક્તોની લાંબી કતારો લાગી હતી; ધાર્મિક કાર્યક્રમો બાદ બપોરે વિશાળ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્થાનિક ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલા, પૂર્વ ધારાસભ્ય શ્રી કનુભાઈ ડાભી સહિતના મહાનુભાવોએ હાજર રહીને માતાજીના આશીર્વાદ લીધા હતા; વેરાઈ માતાજી મંદિર અને ગ્રામજનોની કમિટી દ્વારા સમગ્ર આયોજન વ્યવસ્થિત અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતાં ધાર્મિક માહોલમાં સંતોષની લાગણી છવાઈ હતી.-અખંડ ભારત

# નરસૈયાની નગરીમાં ૫૭૦મી હારમાળા જયંતિની ભવ્ય ઉજવણી: ભક્તિમય માહોલ



ટીલાવત જનકરાય - સંત શિરોમણી નરસિંહ મહેતાની નગરી જૂનાગઢમાં માગસર સુદ સાતમે નરસિંહ મહેતાના ચોરા ખાતે તેમની ૫૭૦મી હારમાળા જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉત્સવનું આયોજન શ્રી નરસિંહ મહેતા ચોરા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.આ ધાર્મિક પ્રસંગે નરસિંહ મહેતાના પ્રભાતિયા, ભગવાન કૃષ્ણના ભજનો અને પૂજા-અર્ચન કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ખાસ કરીને જૂનાગઢમાં વસતા નાગર જ્ઞાતિના તમામ ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ ઉજવણીમાં જૂનાગઢના ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયા, ભાજપ પ્રમુખ શ્રી ગૌરવભાઈ રૂપારેલીયા, પૂર્વ ડેપ્યુટી મેયર શ્રી ગીરીશભાઈ કોટેચા તેમજ રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત શ્રી અમુદાનભાઈ ગઢવી અને શ્રી શશીનભાઈ નાણાવટી સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.-અખંડ ભારત

# સોનગઢ-ઉકાઈમાં રૂ. ૭.૮૪ કરોડના માર્ગ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત



મુકેશ પાડવી -માંડવી વિધાનસભાના ધારાસભ્ય અને પૂર્વ આદિજાતિ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે સોનગઢ અને ઉકાઈ તાલુકાના ચાકળીયા, ઉખલદા અને આમલીપાડા ખાતે માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હેઠળના કુલ રૂ. ૭.૮૪ કરોડના માર્ગ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત આંતરિક રસ્તાઓની પહોળાઈ વધારવા અને ડામર સપાટી બનાવવાના કામો હાથ ધરાશે, જે ખેતીની પેદાશોની અવરજવર, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે લાભકારી નીવડશે; આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, રસ્તા સારી રીતે વિકસશે તો વિકાસ સ્વયં ગામ સુધી પહોંચશે; આ સાથે જ આમલીપાડા ખાતે નવનિર્મિત ગ્રામ પંચાયત ભવનનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું; આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ, સુમુલ ડેરીના ડિરેક્ટર સહિત અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# હિંમતનગરમાં 'તમારી પૂંજી તમારો અધિકાર' કાર્યક્રમ યોજાયો: ૨.૨૨ કરોડનાં નિષ્ક્રિય નાણાં પરત કરાયાં




કુંવરસિહ ચૌહાણ - સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સ્થિત નલિનકાંત ગાંધી ટાઉન હોલ ખાતે બેંક ઓફ બરોડા દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલું 'તમારી પૂંજી તમારો અધિકાર' અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો, જેનો મુખ્ય હેતુ નાગરિકોમાં નાણાકીય જાગૃતિ વધારવાનો અને તેમના ભૂલાયેલા અથવા નિષ્ક્રિય નાણાં પરત કરવાનો છે; આ અભિયાન હેઠળ સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધીમાં વિવિધ બેંકો દ્વારા આશરે ૨ કરોડ ૨૨ લાખ ૮૧ હજાર જેટલા નાણાં નાગરિકોને પરત કરવામાં આવ્યા છે, જેમાંથી માત્ર બેંક ઓફ બરોડા દ્વારા જ લગભગ ૨ કરોડ ૧૦ લાખ ૫૮ હજાર પરત કરાયા છે; આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં હિંમતનગરના ધારાસભ્ય શ્રી વી. ડી. ઝાલા, સાબરકાંઠાના સાંસદ શોભનાબેન બારૈયા, એસ.એલ.બી.સી.ના ડેપ્યુટી જનરલ મેનેજર શ્રીમતી વીણા શાહ, અધિક નિવાસી કલેક્ટર સુશ્રી કૃષ્ણા વાઘેલા, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના અધિકારીઓ, બેંક ઓફ બરોડાના પ્રાદેશિક વડા શ્રી યશવંત કુમાર પાઠક સહિત મોટી સંખ્યામાં શહેરીજનો અને વિવિધ બેંકોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

-અખંડ ભારત

# સરદાર પદયાત્રાનો ત્રીજો દિવસ: આંકલાવથી સિંધરોટ સુધી એકતા માર્ચ




મહેશ વાઘેલા -અખંડ ભારતના નિર્માતા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે કરમસદથી કેવડિયા સુધી યોજાયેલી રાષ્ટ્રીય પદયાત્રાના ત્રીજા દિવસનો પ્રારંભ આજે આણંદના આંકલાવ ખાતેથી થયો હતો, જેમાં કેન્દ્રીય મંત્રીઓ શ્રી મનસુખ માંડવિયા, શ્રી એસ. પી. સર્બાનંદ સોનોવાલ અને રાજ્યમંત્રી શ્રી અજય ટમ્ટા સહિતના મહાનુભાવો જોડાયા હતા; આ અંદાજિત ૧૩ કિલોમીટરની પદયાત્રા આંકલાવથી વડોદરાના સિંધરોટ સુધી યોજાઈ હતી, જેમાં "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ના નારા સાથે કલા-સંસ્કૃતિ અને દેશભક્તિનો અદ્ભુત સમન્વય જોવા મળ્યો હતો, અને હઠીપુરા, ઉમેટા સહિતના વિસ્તારોમાં ગ્રામ્યજનો દ્વારા ફૂલવર્ષા અને ગરબા સાથે પદયાત્રીઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# મોતિયા મુક્ત કચ્છ" અભિયાન હેઠળ કોટડા (S.) ખાતે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો



રમેશભાઈ ભાનુશાલી -રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિખામી નિયંત્રણ કાર્યક્રમના સહયોગથી "મોતિયા મુક્ત કચ્છ" માટે કાર્યરત અંધજન મંડળ, કે.સી.આર.સી. ભુજ દ્વારા શ્રી કોટડા જ. લોહાણા મહાજન સંચાલિત શ્રી દરિયા સ્થાન મંદિર ખાતે નિઃશુલ્ક નેત્ર નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું; આ કેમ્પમાં આંખના મોતીયાના ઉચ્ચ ગુણવત્તાવાળા ઓપરેશન, ઝામર, વેલ, પરવાળા સહિત આંખને લગતા દર્દીઓની તપાસ કરવામાં આવી હતી અને જરૂરી દવાઓ મફત આપવામાં આવી હતી, જ્યારે ચશ્મા રાહત દરે આપવામાં આવ્યા હતા; આ કેમ્પમાં કુલ ૧૭૫ દર્દીઓએ આંખનું નિદાન કરાવ્યું હતું, જેમાંથી ૨૭ દર્દીઓને વિનામૂલ્યે ઓપરેશન કરાવવા માટે ભુજ મધ્યે રિફર કરવામાં આવ્યા હતા અને ૫૫ દર્દીઓને રાહત દરે ચશ્મા આપવામાં આવ્યા હતા; આ કેમ્પને સફળ બનાવવા શ્રી કોટડા જ. લોહાણા મહાજન, મહિલા મંડળ અને ગાયત્રી મહિલા મંડળના આગેવાનોએ સહયોગ આપ્યો હતો.-અખંડ ભારત

# માંડવી કોંગ્રેસનો આક્ષેપ: 'ગાંધીના ગુજરાતમાં દારૂબંધી ફક્ત નામે PI ને આવેદન



રાજેશ ચૌધરી -સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ આનંદ ચૌધરી સહિતના નેતૃત્વમાં માંડવી કોંગ્રેસ સમિતિએ પોલીસ ઈન્સ્પેક્ટરને આવેદનપત્ર આપીને શહેરો અને ગામડાઓમાં બેફામ વધતા દારૂના અડ્ડા અને ડ્રગ્સના કાળાબજાર સામે તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી હતી, સાથે જ "હપ્તાખોરી બંધ કરો" જેવા સૂત્રોચ્ચાર કર્યા હતા; કોંગ્રેસે આક્ષેપ કર્યો કે દારૂ-ડ્રગ્સના વેપારે યુવા પેઢીને બરબાદ કરી છે અને દરિયાકાંઠા તથા પોર્ટ મારફતે કરોડોનું ડ્રગ્સ ગુજરાતમાં ઠલવાઈ રહ્યું છે; રજૂ કરેલા આંકડા મુજબ છેલ્લા પાંચ વર્ષમાં ૯૩,૬૯૧ કિલો ડ્રગ્સ જપ્ત થયું હોવા છતાં, પાછળથી ચાલતી હેરાફેરીનું પ્રમાણ વિશાળ હોવાનું જણાવી કોંગ્રેસે ચેતવણી આપી કે "ગુજરાત ઉડતા પંજાબની દિશામાં વધી રહ્યું છે"; વધુમાં, તેમણે રાજ્ય સરકારે નશાબંધી અભિયાન ચલાવતી સંસ્થાઓની ગ્રાન્ટ બંધ કરી દીધી હોવાનો આક્ષેપ કરીને દારૂ અને ડ્રગ્સની હેરાફેરી કોની રહેમ હેઠળ ચાલે છે તેવો કટાક્ષ કર્યો હતો.-અખંડ ભારત




ચિરાગ ગુપ્તા -મધ્યપ્રદેશથી ગુજરાતમાં દારૂ સપ્લાય કરવાનો વધુ એક પ્રયાસ નિષ્ફળ બનાવતાં જેતપુર પોલીસે સવારે પેટ્રોલિંગ દરમિયાન એક શંકાસ્પદ એમ્બ્યુલન્સને રોકીને તપાસ હાથ ધરી હતી, જેમાં એમ્બ્યુલન્સની અંદર મોટી માત્રામાં વિદેશી દારૂની બોટલો મળી આવી હતી, જેનો ઉપયોગ દારૂની હેરાફેરી માટે કરવામાં આવી રહ્યો હતો; પોલીસે ડ્રાઈવરને કાબૂમાં લઈ કુલ ૨,૫૫,૨૦૦/- ની કિંમતનો દારૂ તથા ૨,૫૦,૦૦૦/- ની કિંમતની એમ્બ્યુલન્સ સહિત કુલ ૫,૦૫,૨૦૦/- નો મુદ્દામાલ કબજે કર્યો છે, અને દારૂ સપ્લાય ચેઈન વિશે વધુ વિગતો મેળવવા માટે જેતપુર પોલીસે આગળની તપાસ શરૂ કરી છે.-અખંડ ભારત

# સોનગઢ કોલેજ ખાતે મહાત્મા જોતિરાવ ફૂલેને પુષ્પાંજલિ અર્પણ



ધનરાજ ચૌહાણ -તાપી જિલ્લાના સોનગઢ તાલુકાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે આજે મહાત્મા જોતિરાવ ફૂલેની ૧૩૫મી પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય રાજેશભાઈ પટેલ, સર્વે પ્રાધ્યાપકશ્રીઓ, તેમજ નગરસેવક પ્રકાશભાઈ માળી, ભાજપના કારોબારી સભ્ય હેમાન્શુભાઈ દવે અને રાકેશભાઈ માળી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહીને મહાત્મા ફૂલેને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.-અખંડ ભારત

# માંડવી તાલુકામાં ગેરકાયદે ગોળના કોલા બેરોકટોકઃ પ્લાસ્ટિક બાળી પર્યાવરણને નુકસાન



અશોક સોલંકી -માંડવી તાલુકાના વિવિધ વિસ્તારોમાં આજકાલ ગેરકાયદેસર રીતે ગોળના કોલા બેરોકટોક ચાલી રહ્યા છે, જેને કારણે પર્યાવરણ અને કાયદો-વ્યવસ્થા અંગે ગંભીર સવાલો ઊભા થયા છે.આ ગોળના કોલામાં ખાદ્ય ઉપરાંત અખાદ્ય ગોળનું પણ ઉત્પાદન થઈ રહ્યું છે. સૌથી ગંભીર બાબત એ છે કે કોલાના માલિકો ખર્ચ બચાવવા માટે ગોળ બનાવવાના બળતણ તરીકે શેરડીનો કૂચો (ખોળ) ઉપરાંત પ્લાસ્ટિક વેસ્ટ બાળી રહ્યા છે. પરિણામે, પર્યાવરણને વ્યાપક પ્રમાણમાં નુકસાન થઈ રહ્યું છે અને હવામાં પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે.આ ઉપરાંત, આ કોલામાં શેરડી લાવતા વાહનોમાં ભારણ ક્ષમતા કરતાં વધુ પ્રમાણમાં શેરડી ભરીને વહન કરવામાં આવે છે, જે માર્ગ સુરક્ષા અને કાયદાનું ઉલ્લંઘન છે.ગેરકાયદેસર કોલા, પર્યાવરણને નુકસાન અને ક્ષમતા કરતાં વધુ ભાર વહન—આ ત્રણેય ગંભીર બાબતો હોવા છતાં સરકારી તંત્ર સાવ અજાણ હોય તેવું વર્તન કરી રહ્યું છે. સ્થાનિક લોકોમાં એવી માંગ ઉઠી છે કે લાગતું-વળગતું સરકારી તંત્ર ગોળના કોલાના માલિકો સામે તાત્કાલિક અને યોગ્ય પગલાં ભરે.-અખંડ ભારત

# બાસ્પા કોલેજમાં થેલેસેમિયા જાગૃતિ અને ટેસ્ટ કેમ્પનું સફળ આયોજન




દશરથ ઠાકોર - પાટણ જિલ્લાના સમી તાલુકાના બાસ્પા ખાતે આવેલી મહર્ષિ દયાનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં તા. ૨૮/૧૧/૨૦૨૫ ના રોજ વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા જાગૃતિ અને ટેસ્ટ કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં NSS (રાષ્ટ્રીય સેવા યોજના)ના સ્વયંસેવકો અને કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.કાર્યક્રમની અધ્યક્ષતા કોલેજના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મૌલિક ભોજક તથા શ્રી રમેશભાઈ ખેર દ્વારા કરવામાં આવી હતી. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. દિનેશ ડોડિયા સાહેબે વિદ્યાર્થીઓને થેલેસેમિયા જેવા ગંભીર રોગ અંગે માહિતગાર કર્યા હતા.આ ઉપરાંત, પ્રોગ્રામ ઓફિસર ડૉ. પાર્થ પ્રજાપતિએ પણ થેલેસેમિયા ટેસ્ટિંગનું મહત્ત્વ અને યુવાનોમાં આ રોગ અંગેની જાગૃતિ વિશે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. આ કેમ્પને સફળ બનાવવા માટે NSS સ્વયંસેવકો અને કોલેજ પરિવારે વિશેષ સહયોગ આપ્યો હતો.-અખંડ ભારત

# કાલોલના વેજલપુરની વિવેકાનંદ સોસાયટીમાં તૂટેલા રોડથી રોષઃ કલેક્ટરને રજૂઆત



આશીષ કામદાર -પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાની વેજલપુર ગ્રામ પંચાયતમાં આવેલી વિવેકાનંદ સોસાયટીમાં વર્ષ ૨૦૧૩માં બનેલો રોડ ત્યારથી જર્જરિત છે અને ૨૦૨૧માં ગ્રાન્ટ મળવા છતાં તેમજ મનરેગા યોજનામાં ૨૦૨૪-૨૫ માં પાસ થયેલો બતાવવા છતાં આજદિન સુધી રોડનું કામ શરૂ થયું નથી; તૂટેલા રોડના કારણે ખાડાઓમાં ગંદુ પાણી ભરાઈ રહેવાથી દુર્ગંધ, મચ્છરજન્ય રોગ અને રાહદારીઓ તથા વાહનચાલકોને કમરના દુઃખાવા સહિતની ભારે હાલાકી ભોગવવી પડે છે, તેમજ બાળકોના કપડાં ખરાબ થવા અને પડવાના બનાવો પણ નિયમિત બનતા રહે છે; આ સમસ્યા અંગે સરપંચ, તલાટી અને ઠ્ઠીમાં વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ ન મળતાં અંતે સોસાયટીના જાગૃત રહીશ સેવાણી ગૌતમભાઈએ જિલ્લા કલેક્ટરને અરજી આપીને વહેલી તકે રોડ બનાવવાની માંગ કરી છે.-અખંડ ભારત

# બોટાદના ભાવનાબેન પરમાર 'રંગોળી આર્ટિસ્ટ ઓફ ધ યર' એવોર્ડથી સન્માનિત

ધાર્મિક પંચાલ -મૂળ બોટાદના વતની અને હાલ વડોદરામાં સ્થાયી થયેલાં ૫૪ વર્ષીય શ્રીમતી ભાવનાબેન ભરતભાઈ પરમારે તાજેતરમાં મુંબઈમાં યોજાયેલ India's Biggest Talent Hunt "Khyaal 50 Above 50" સ્પર્ધામાં ભાગ લઈ Rangoli Artist of The Year કેટેગરીમાં ફાઈનલિસ્ટનો એવોર્ડ મેળવીને લુહાર-સુથાર સમાજ અને પરિવારનું ગૌરવ વધાર્યું છે; પોતાના પિતાશ્રી બાબુભાઈ મકવાણા (શ્રેષ્ઠ કલાકાર) પાસેથી પ્રેરણા મેળવીને બાળપણથી જ રંગોળી કલામાં રુચિ કેળવનાર ભાવનાબેને BCom સુધીના અભ્યાસ દરમિયાન અનેક સ્પર્ધાઓમાં ઇનામો મેળવ્યા હતા, અને લગ્ન બાદ પતિ ભરતભાઈ પરમારના સહકારથી આ કલા જાળવી રાખી છે, જેમાં તેમની દીકરી હિમા પણ એક રંગોળી આર્ટિસ્ટ અને પેઈન્ટર તરીકે નામના મેળવી રહી છે; મુંબઈ ખાતે આ સ્પર્ધાના Founder & CEO હિમાંશુ જોષીના હસ્તે ભાવનાબેનને મેડલ,




પ્રમાણપત્ર અને રોકડ ૧૦,૦૦૦/- આપીને સન્માનિત કરાયા હતા, અને હવે તેઓ પેઈન્ટર અને ગાયક તરીકે પણ કલા પ્રદર્શિત કરીને સમાજના ઉભરતા કલાકારો માટે પ્રેરણાસ્રોત બનવા માંગે છે.-અખંડ ભારત

# મેંદરડાની અક્ષર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે કલા ઉત્સવ યોજાયો

જયેશ વાળા - જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયટ), જૂનાગઢના માર્ગદર્શન હેઠળ મંથન શાળા વિકાસ સંકુલ આયોજિત ક્યૂડીસી-૧ નો કલા ઉત્સવ ૨૦૨૫ મેંદરડા ખાતે જી.પી. હાઈસ્કૂલ અને અક્ષર ઈન્ટરનેશનલ સ્કૂલના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો; આ કલા ઉત્સવમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો; આ કાર્યક્રમ જી.પી. હાઈસ્કૂલના આચાર્ય શ્રી મહેન્દ્ર ખુમાણ સાહેબના




માર્ગદર્શન હેઠળ યોજાયો હતો, જેમાં અક્ષર ઈન્ટરનેશનલ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી દીપકભાઈ બાલદાણીયા, આચાર્ય શ્રી હરેશભાઈ ભાખર તેમજ કે.કે. સિંગલ સાહેબ, આર.બી. અગ્રાવત સહિતના નિરીક્ષકો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# ધ્રાંગધ્રાના નારીચાણા ખાતે સંત સંમેલન સફળતાપૂર્વક યોજાયું




સુંદરલાલ ડેડાણીયા - ધ્રાંગધ્રા (સુરેન્દ્રનગર). સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના નારીચાણા ગામમાં આવેલા હનુમાન દાદાના મંદિરે સંત સંમેલન મંડળ દ્વારા સાધુ-સંતોનું ભવ્ય સંમેલન સફળતાપૂર્વક યોજાયું હતું, જેમાં સુરેન્દ્રનગર જિલ્લાના અનેક સ્થળોના પૂજ્ય સંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ સંમેલનમાં સંત સમાજના આરોગ્ય સેવા, દવા વ્યવસ્થા અને કોઈપણ મુશ્કેલી સમયે તેમને મદદરૂપ થવા માટેની વ્યવસ્થા અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત, ગૌરક્ષા, ધર્મ રક્ષા અને સમાજમાં ધાર્મિક જાગૃતિ વધારવાના મહત્વના મુદ્દાઓ પર પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ ધાર્મિક સંમેલનમાં સંરક્ષક પૂજ્ય શંભુપૂરી બાપુ, અધ્યક્ષ શિવાનંદપૂરી મહારાજ, ઉપાધ્યક્ષ કપીલગીરી બાપુ, મહામંત્રી ઘનશ્યામ ગીરી બાપુ સહિત અન્ય હોદેદારો અને સંતો હાજર રહ્યા હતા. આ સંમેલનને કારણે ધાર્મિક અને સામાજિક ક્ષેત્રમાં એક સકારાત્મક સંદેશો પ્રસર્યો છે.-અખંડ ભારત

# અંજારમાં ધોવાયેલા માર્ગ પર રિપેરિંગ કામ શરૂ થતાં લોકોમાં ખુશી



પરેશ અમલીયાર - કચ્છ જિલ્લાના અંજાર તાલુકામાં સવાસર નાકા બહાર આવેલી નવી શાક માર્કેટ સામેના મુખ્ય માર્ગ પર વરસાદી માહોલને કારણે સર્જાયેલા ખાડાઓથી સ્થાનિક લોકોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી.

સ્થાનિકોની આ સમસ્યાને ધ્યાનમાં લેતાં તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા છે. હાલમાં આ માર્ગ પર તેવર-પેવરનું કામ (પાથરણાં અને રિપેરિંગ) હાથ ધરવામાં આવ્યું છે.

માર્ગના રિપેરિંગ કામની શરૂઆત થતાં જ વિસ્તારના રહેવાસીઓમાં ખુશીની લાગણી ફેલાઈ છે, કારણ કે લાંબા સમયથી ચાલી રહેલી માર્ગની સમસ્યાનો અંત આવશે.

-અખંડ ભારત

# દિગેન્દ્રનગર હાઈસ્કૂલમાં તારુણ્ય શિક્ષણ અને વ્યસનમુક્તિની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી



કુંજ પરમાર -નવસારીના ચીખલી તાલુકાની શ્રી જે. એમ. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ, દિગેન્દ્રનગર ખાતે રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટ, સીતાપુર (વાંસદા)ની ટીમ દ્વારા વિદ્યાર્થીઓ માટે તારુણ્ય શિક્ષણ, સ્વાસ્થ્ય અને વ્યસનમુક્તિ અંગેના કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું; જેમાં ડૉ. આશિષ ભટ્ટીની ટીમે પ્રોજેક્ટરના માધ્યમથી કુમાર અને કન્યાઓના અલગ-અલગ જૂથમાં માનવજીવનની અવસ્થાઓ સમજાવીને કુસંગ અને વ્યસનોથી દૂર રહેવા અંગે માર્ગદર્શન આપ્યું હતું, જ્યારે પાર્વતીબેને વિદ્યાર્થીનીઓને કિશોરાવસ્થા દરમિયાન થતા શારીરિક ફેરફારો અને તેની કાળજી અંગેની માહિતી આપી હતી; આચાર્યશ્રીએ પ્રાસંગિક ઉદબોધનમાં શાળામાં બાળકોના તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મનનું ઘડતર થાય તેવું શિક્ષણ અપાતું હોવાનું જણાવી, વ્યસન તરીકે વાંચન, લેખન અને સદગ્રંથોનું વ્યસન કેળવવા પ્રોત્સાહન આપ્યું હતું અને અંતે સૌ બાળકો પાસે વ્યસન મુક્તિની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી, જેને મંડળના પ્રમુખશ્રી અને અન્ય હોદેદારોએ બિરદાવી હતી.-અખંડ ભારત

# થરાદ બજારમાં ફાયર સેફ્ટી, પાર્કિંગ, અને સુરક્ષાના અભાવે ગંભીર સ્થિતિઃ તાત્કાલિક પોલીસ ચોકીની માંગ



વોકજી ચૌધરી -વાવ-થરાદ જિલ્લાના થરાદ બજાર વિસ્તારમાં છેલ્લા સમયમાં ઊભા થયેલા શોપિંગ કોમ્પ્લેક્સમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થા, ગ્રાહકો માટે પાર્કિંગ અને સ્વચ્છ શૌચાલયની પૂરતી સુવિધાનો અભાવ હોવાથી સુરક્ષાનો પ્રશ્ન ગંભીર બન્યો છે; સોની બજાર જેવા ભીડવાળા વિસ્તારોમાં લૂંટફાટ કે જાનહાનિની શક્યતાઓ વધી ન શકે તે માટે નાગરિકો બજાર વિસ્તારમાં પોલીસ ચોકીની તાત્કાલિક જરૂરિયાત જણાવી રહ્યા છે; સ્થાનિક વેપારીઓ અને રહીશોની માંગ છે કે ફાયર સેફ્ટી વિનાના શોપિંગ પર તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે, પાર્કિંગ સુવિધા વિનાના શોપિંગને નોટિસ આપી પાલન ફરજિયાત કરાવાય, અને શાકભાજીની માર્કેટ ખસેડી દબાણ દૂર કરાય તો ટ્રાફિકનો બોજ ઘટી શકે છે; આ ગેરરીતિઓ સામે જિલ્લા કલેક્ટર, નગરપાલિકા અને જવાબદાર વિભાગો કડક પગલાં ભરીને બજાર વિસ્તારને સુવ્યવસ્થિત બનાવે તેવી સ્થાનિકોની પ્રબળ માંગ છે.-અખંડ ભારત

# મોડાસામાં આત્મહત્યા કરવા તળાવમાં ઝંપલાવનાર યુવતીને ૧૮૧ અભયમ ટીમે બચાવી

કંદર્પ પંડ્યા -અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે સ્વામિનારાયણ મંદિર નજીક આવેલા તળાવમાં એક યુવતી આત્મહત્યા કરવા જઈ રહી હોવાનો થર્ડ પાર્ટી ફોન આવતા જ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી, જ્યાં યુવતીએ પાણીમાં ઝંપલાવી દીધું હોવાથી ટીમે સ્થાનિકોની મદદથી તેને બહાર કાઢી હતી; યુવતીનું કાઉન્સિલિંગ કરતા જાણવા મળ્યું કે તે આણંદ જિલ્લાની રહેવાસી છે અને મોડાસા લગ્ન માટે આવેલી હતી, પરંતુ પરિવારજનો તેને સાથે લઈ જવા માટે દબાણ કરતા હોવાથી અને તેને મામાના ઘરે રહેવું હોવાથી થયેલા ઝઘડાને કારણે તે આત્મહત્યા કરવા દોડી ગઈ હતી; યુવતીના બે કલાકથી શોધખોળ કરી રહેલા પરિવારજનોનો સંપર્ક કરીને અભયમ ટીમે યુવતીને હવે પછીથી આવું ડગલું ન ભરવા સમજાવી, તેના પરિવારજનોને પણ પ્રેમથી રાખવા સમજાવ્યા અને લેખિતમાં લખાણ લીધા બાદ યુવતીને સહી-સલામત તેની માતા સાથે ઘરે મોકલી આપી હતી.-અખંડ ભારત

## સાબરકાંઠા જિલ્લાનું ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન વક્તાપુરમાં યોજાયું: ૭૦ કૃતિઓ રજૂ કરાઈ



શશીકાંત પટેલ - જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરિત, જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી અને ડાયટ ઈડર આયોજિત જિલ્લા કક્ષાનું ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૫-૨૬ શ્રી કે. કે. સંઘવી હાઈસ્કૂલ, વક્તાપુર (હિંમતનગર) ખાતે તા. ૨૭, ૨૮, ૨૯ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજાઈ ગયું; જેનો ઉદ્ઘાટન સમારોહ હિંમતનગરના ધારાસભ્ય શ્રી વી. ડી. ઝાલા સાહેબના અધ્યક્ષસ્થાને અને જીસીઈઆરટીના અધિક નિયામક ડૉ. એમ. એન. પટેલ સાહેબના હસ્તે યોજાયો હતો; આ પ્રદર્શનમાં જિલ્લાના પ્રાથમિક વિભાગની ૪૦ કૃતિ અને માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગની ૩૦ કૃતિ મળીને કુલ ૭૦ કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી, જ્યાં ડાયટના વિજ્ઞાન સલાહકાર શ્રી કે. પી. ટીટીસરા સાહેબની આગેવાનીમાં નિર્ણાયકોએ શ્રેષ્ઠ કૃતિઓ નક્કી કરી હતી, જે હવે ઝોન કક્ષાના પ્રદર્શનમાં સાબરકાંઠા જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે, અને આજે તા. ૨૯ નવેમ્બર ૨૦૨૫ ના રોજ આ પ્રદર્શનનું સમાપન સમારોહ યોજાશે.-અખંડ ભારત

## છ માસ જૂની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો: આરોપી રોકડ સાથે ઝડપાયો

કિશન બહેચા - જૂનાગઢ શહેરના 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં છ મહિનાથી અનડિટેક્ટ રહેલો ઘરફોડ ચોરીનો ગુનો ઉકેલવામાં જૂનાગઢ પોલીસને નોંધપાત્ર સફળતા મળી છે.આશરે છ મહિના પૂર્વે જેતપુર હાઈવે પર આવેલ જય એસ્ટેટ ખાતેના એક ગોડાઉનની ઓફિસમાંથી રૂ. ૫૭,૦૦૦/-ની રોકડ ચોરી થયાની ફરિયાદ નોંધાઈ હતી. ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ તેજ બનાવી હતી.પોલીસને બાતમી મળી હતી કે શંકાસ્પદ ઈસમ દોલતપરા રોડ, જી.આઈ.ડી.સી.-૧ નજીક દેખાયો છે. સ્થળ પર તપાસ કરતાં આરોપી રવી મનસુખભાઈ સોલંકી (ઉ.વ. ૧૮,



રહે. જેતપુર, મૂળ કેશોદ) મળી આવ્યો હતો. પોલીસે તેની પૂછપરછ કરતાં તેણે ગુનાની કબૂલાત કરી હતી.પોલીસે આરોપી પાસેથી ચોરીમાં મેળવેલ રૂ. ૧૮,૩૦૦/- નો મુદામાલ જપ્ત કર્યો છે અને તેની ધોરણસર અટકાયત કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. 'બી' ડિવિઝન પોલીસે લાંબા સમયથી અનડિટેક્ટ રહેલા આ કેસનો સફળતાપૂર્વક ભેદ ઉકેલ્યો છે.-અખંડ ભારત

## દાહોદના પાવડી ખાતે સાંસદ ખેલ મહોત્સવનો પ્રારંભ

રાકેશ રાવત - દાહોદના સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોર દ્વારા આયોજિત સાંસદ ખેલ સ્પર્ધા (લોકસભા)નો પ્રારંભ ઝાલોદ તાલુકાના એસ.આર.પી. ગ્રુપ પાવડી ખાતે સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોરના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તેમણે ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને સરકારની રમત-ગમતને પ્રોત્સાહક નીતિઓ થકી દેશને ઉત્તમ ખેલાડીઓ મળી રહ્યા હોવાનું જણાવ્યું હતું.



સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ખેલાડીઓને મળી રહેલા પ્રોત્સાહન થકી તેઓ ગત ઓલિમ્પિક કરતાં પણ વધુ સારું પ્રદર્શન કરીને દેશને મેડલ અપાવશે. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેલ મહોત્સવના આયોજન દ્વારા દેશના અનેક નવા ખેલાડીઓને પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે.તેમણે દાહોદના ખેલાડીઓને પ્રતિભાશાળી ગણાવતા કહ્યું કે, તેઓએ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ઉત્તમ પ્રદર્શન કરીને દાહોદને ગૌરવ અપાવ્યું છે. આ ખેલ મહોત્સવમાં ઉત્તમ પ્રદર્શન કરનારા ખેલાડીઓનું મંચ પરથી બહુમાન પણ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી મહેશભાઈ ભૂરિયા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહ જાડેજા, પ્રાંત અધિકારી શ્રી એ.કે. ભાટિયા સહિત જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યો, અગ્રણીઓ, ખેલાડીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

## ડાંગ જિલ્લાના ૫ ગામોમાં VHP દ્વારા ધાબળા વિતરણ કાર્યક્રમ યોજાયો



ઘિસારામ ચૌધરી -ડાંગ જિલ્લામાં ઠંડીની શરૂઆત થતાં જ વિશ્વ હિન્દુ પરિષદ (VHP) દ્વારા અતિ ગરીબ, વિધવા બહેનો અને વિધુર નિરાધાર ભાઈઓ માટે ધાબળા વિતરણ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે.આ સેવા કાર્ય અંતર્ગત આજરોજ ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના પાંચ ગામો— ઢાઢરા, ભવાડી, કલમખેત, ગુંજપેડા અને ઘોડી ગામે ધાબળા વિતરણનો કાર્યક્રમ પૂરો કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદના ડાંગ જિલ્લા મંત્રી શ્રી રવિભાઈ, ડાંગ જિલ્લાના સેવા પ્રમુખ શ્રી બ્રિજેશભાઈ, વઘઈ તાલુકા ધર્મરક્ષા પ્રમુખ શ્રી ઈન્દુભાઈ, ડાંગ જિલ્લાના ઉપાધ્યક્ષ શ્રી કાળુભાઈ, વઘઈ ગામના વેપારી એસોસિએશનના પ્રમુખ શ્રી સુભાષભાઈ તથા વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓ દ્વારા હાજર રહીને આ સેવા કાર્ય સંપન્ન કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

## લીમખેડાના રઈ ગામમાં ૨.૭૦ કરોડના ખર્ચે ૬.૩૫ કિ.મી. માર્ગોનું રિસર્ફેસિંગ શરૂ

મનુભાઈ વણકર - દાહોદના લીમખેડા તાલુકાના રઈ ગામે આજે કુલ ૬.૩૫ કિલોમીટર લાંબા માર્ગોના રિસર્ફેસિંગ અને નવીનીકરણ કાર્યોનું ભવ્ય ખાતમુહૂર્ત ગ્રામજનોની વિશાળ ઉપસ્થિતિ વચ્ચે કરવામાં આવ્યું, જેમાં સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા; કુલ ૨.૭૦ કરોડના અંદાજિત ખર્ચે થનારા આ મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પમાં ચોરબારીયા રસ્તાથી સુથાર સનાભાઈ સોમાભાઈના ઘર સુધીનો ૧.૫૦ કિ.મી. (૧.૦૦ કરોડ), રઈ મુખ્ય શાળા ફળિયા રોડનો ૨.૮૫ કિ.મી. (૯૯.૭૫ લાખ), અને રઈ નિશાળ ફળિયા



રોડનો ૨.૦૦ કિ.મી. (૭૦.૦૦ લાખ)ના રસ્તાઓનો સમાવેશ થાય છે; આ વિકાસ કાર્યોથી રઈ ગામના આવનજાવન, શિક્ષણ, વેપાર તથા ગ્રામજનોના દૈનિક જીવનમાં મહત્ત્વપૂર્ણ સુવિધા મળશે, જેને પગલે ગ્રામજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.-અખંડ ભારત

## શણબાર ગામે ૧૫૦થી વધુ સમાધિઓનો વિધ્વંસ: સરપંચ સહિત ૬ સામે FIR



મનુભાઈ વણકર - મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના શણબાર ગામે સ્મશાન નજીક આવેલી સરકારી પડતર જમીનમાં વર્ષોથી રહેલી સમાજના વડીલો અને મૃતકોની ૧૫૦થી વધુ સમાધિઓને JCB વડે તોડી પાડવાના ગંભીર બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ઉગ્ર રોષ ફેલાયો છે.ફરિયાદી ઉદાભાઈ જોતીભાઈ વાદીના જણાવ્યા મુજબ, તા. ૨૬/૧૧/૨૦૨૫ ના રોજ સાંજે તેઓએ JCB અને ટ્રેક્ટર વડે સમાધિઓ તોડાઈ રહી હોવાનું જોયું હતું, જેની જાણ થતાં જ મોટી સંખ્યામાં સમાજજનો સ્થળ પર ભેગા થયા હતા.

ઘટનાસ્થળે ગામના સરપંચ ધવલભાઈ કનુભાઈ કલાસવા સહિત કુલ ૬ આરોપીઓ હાજર હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. સમાજજનોએ વાંધો ઉઠાવતાં આરોપીઓએ જમીન પોતાની હોવાનું કહીને ધાર્મિક લાગણી દુભાવતી ભાષાનો ઉપયોગ કર્યો હતો અને અહી રહેશો તો જાનથી મારી નાખીશું તેવી ખુલ્લી ધમકીઓ આપી હતી.પોલીસે ફરિયાદીના નિવેદન આધારે સમાધિ તોડફોડ, ધાર્મિક લાગણી દુભાવવી, જાનથી મારવાની ધમકી, ગેરકાયદેસર મંડળી રચવા સહિતના ગંભીર ગુનાઓ હેઠળ ૬ આરોપીઓ સામે એફ.આઈ.આર. દાખલ કરી છે. પોલીસે આ આરોપીઓને ઝડપી પાડવા માટે કાર્યવાહી તેજ બનાવી છે.-અખંડ ભારત

## ચીખલીની રાનકુવા હાઇસ્કુલમાં NCC ડેની પર્યાવરણ પ્રવૃત્તિ સાથે ઉજવણી




કુંજ પરમાર -નવસારી જિલ્લાના ચીખલી તાલુકાની શ્રી બી. એલ. પટેલ રાનકુવા હાઈસ્કુલમાં NCC ડેની ઉજવણી પર્યાવરણ પ્રવૃત્તિઓ દ્વારા કરવામાં આવી, જેની શરૂઆત NCC ગીત ગાઈને, આચાર્યશ્રી સંજય સિંહ પરમાર અને કેડેટ્સ દ્વારા શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરીને થઈ હતી; ત્યારબાદ કેડેટ્સે માર્ચિંગ, સેલ્યુટ કમાન્ડનું પ્રદર્શન અને કેમ્પસ સફાઈનું કાર્ય કર્યું હતું; સયાજી વૈભવ લાઈબ્રેરીના 'પર્યાવરણ પ્રહરી પ્રોજેક્ટ' અંતર્ગત 'પ્લાસ્ટિક અને ઈંધણ બચાવો'ના સંદેશ સાથે NCC કેડેટ્સે ગામમાં પર્યાવરણ જાગૃતિ અંગે રેલી કાઢીને લોકોને 'પર્યાવરણ બચાવો જીવન બચાવો' જેવા સૂત્રોથી જાગૃત કર્યા હતા; આચાર્યશ્રી સંજયસિંહ પરમારે કેડેટ્સને સંબોધનમાં "એન.સી.સી ના આદર્શો પરથી પ્રેરણા લઈ એકતા શાંતિ અને સમરસતાનું પાલન કરવું જોઈએ" તેમ જણાવ્યું હતું, અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જયેશભાઈ ચૌધરીએ શાળાની આ કામગીરીની પ્રશંસા કરી હતી.-અખંડ ભારત

## દેવહાટ ખાતે ૪૦૦થી વધુ લાભાર્થીઓને નેત્ર અને સર્વરોગ નિદાનનો લાભ

ચિરાગ ગુપ્તા - છોટાઉદેપુરના દેવહાટ ખાતે ઝારોલા લાયન્સ હોસ્પિટલ (સંખેડા) અને ઈકો યુનિટી ટ્રાયબલ પ્રોગ્રેસ ઈનિશિયેટિવ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જિલ્લા આરોગ્ય શાખાના સહયોગથી નેત્ર તપાસ તેમજ ડાયાબિટીસ, બ્લડ પ્રેશર અને ટીબી રોગના નિદાન માટે સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું; જેમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પાઉલ વસાવા અને તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. મનહર રાઠવાની ટીમ દ્વારા ૪૦૦થી વધુ લાભાર્થીઓને




સેવાઓ પૂરી પાડવામાં આવી હતી, જેમાં ૨૦૦ જેટલા લોકોને મફતમાં ચશ્માનું વિતરણ કરાયું હતું જ્યારે ૨૦ જેટલા દર્દીઓને મોતિયા સહિતના ઓપરેશન માટે ઓળખ કરીને મફત સારવાર માટે ઝારોલા લાયન્સ હોસ્પિટલ, સંખેડા ખાતે રિફર કરાયા હતા; આ કેમ્પને ઈકો યુનિટી ટ્રસ્ટના પ્રમુખ ગોપાલભાઈ રાઠવા અને સ્થાનિક આરોગ્ય અધિકારીઓ સહિતના યુવાનોએ સફળ બનાવ્યો હતો.-અખંડ ભારત

## કેનાલની અધૂરી સફાઈ અને પાણીની તંગી સામે સાંતલપુરના ખેડૂતોનો 'શ્રમયજ્ઞ'

ગોવાભાઈ આયર -પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના કોરડા, બામરોલી સહિત ૮ થી ૧૦ ગામોને સિંચાઈ માટે જીવનદાયી પાણી પૂરું પાડતી બામરોલી ડિસ્ટ્રિક્ટ કેનાલની સમયસર અને સંપૂર્ણ સફાઈ ન થતાં ખેડૂતોમાં નર્મદા નિગમની બેદરકારી સામે ભારે રોષ ફેલાયો છે; ખેડૂતોનો ગંભીર આક્ષેપ છે કે દર વર્ષે ટેન્ડર છતાં સફાઈ માત્ર કાગળ પર થાય છે, જેના કારણે કેનાલમાં કાંપ જમા થતાં શિયાળાની સિઝનના મધ્યમાં પાણીનો વહેણ અટકી ગયો છે અને હજારો હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલા એરંડા, જીરું, રાયડો સહિતના પાકો સુકાઈ જવાની ભીતિ છે; પરિણામે, સરકારી વિભાગોની બેદરકારીથી ત્રસ્ત ખેડૂતો હવે પોતાના પાકને બચાવવા માટે રોજગારી છોડીને સમૂહમાં કેનાલમાં ઉતરીને શ્રમયજ્ઞ સ્વરૂપે જાતે કાંપ દૂર કરી રહ્યા છે, અને તેમની માંગ છે કે રાધનપુર નર્મદા નિગમની મનમાની સામે તાત્કાલિક પગલાં લેવામાં આવે, કેનાલની સંપૂર્ણ સફાઈ થાય અને નિયમિતપણે પૂરતું પાણી છોડવામાં આવે, અન્યથા શિયાળુ પાક મોટા પ્રમાણમાં બગડવાની શક્યતા છે.-અખંડ ભારત

## દિવ્યાંગો અને વિચરતી જાતિ માટે મતદાર યાદી સુધારણા કેમ્પ યોજાયો

જીતેન્દ્રસિંહ સોલંકી - નર્મદા જિલ્લામાં ભારતીય ચૂંટણી પંચના માર્ગદર્શન હેઠળ મતદારયાદીના (Special Intensive Revision - SIR) અંતર્ગત વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.તા. ૨૫/૧૧/૨૦૨૫ના રોજ શ્રી એમ.આર. હાઈસ્કૂલ, રાજપીપળા ખાતે યોજાયેલા આ કેમ્પનો મુખ્ય હેતુ દિવ્યાંગજનો વરિષ્ઠ નાગરિકો, વિચરતી અને વિમુક્ત જાતિના લોકોને મતદાર યાદીમાં નામ નોંધાવવામાં સરળતા રહે અને એન્યુમરેશન ફોર્મ (ગણતરી ફોર્મ) વિશે જાણકારી આપવાનો હતો.જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી



એસ.કે. મોદીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પમાં બીએલઓ શ્રી રજનીકાંતભાઈ પરમારે ૯૦થી વધુ લાભાર્થીઓને એન્યુમરેશન ફોર્મ ભરવા અંગે સરળ ભાષામાં વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. કિરણબેન પટેલ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી રાજેશ દેસાઈ, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી શ્રી વી.જે. ભરવાડ, આચાર્ય શ્રી યોગેશ વસાવા સહિતના અધિકારીઓ-કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar- PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697